શૈશવ
બાળ અધિકાર સંસ્થા




ચાલો, આપણે એકબીજાને ચાહીએઃ કેમ કે પ્રેમ પ્રભુનો છે, અને દરેક જે પ્રેમ કરે છે તે પ્રભુ જનિત છે અને પ્રભુ ને જાણે છે.

ડૉ. માર્ટિન લ્યુથર કીંગ (જુ)

# વાર્ષિક અહેવાલ
# ૨૦૧૪ ૧૫

ટાઈટલ ૧

શૈશવ

ટ્રસ્ટી મંડળ

૧ શ્રી ફાલ્ગુન શેઠ
૨ શ્રી પારૂલ શેઠ
૩ શ્રી નિમિષા દેસાઈ
૪ ડૉ. પંકજ શાહ
૫ ડૉ. એસ. શ્રીધર
૬ શ્રી અનિતા શાહ
૭ શ્રી સંજય દેસાઈ
૮ ડૉ. અમી ત્રિવેદી
૯ શ્રી સંગીતા ગરત
૧૦ ડૉ. પારસ મહેતા
૧૧ શ્રી જતીન જલુંધવાલા

## અમારી દષ્ટિ

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય સમાજની પાયાની સંકલ્પના સાથે દરેક પોતાની વ્યકિતગત ક્ષમતાઓના ઉચ્ચત્તર વિકાસ દ્વારા સ્વાવલંબી બને, સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે તેવા જવાબદાર નાગરિક બને.

**સ્વસ્થ બાળક... સ્વસ્થ માનવ... સ્વસ્થ સમાજ...**

## અમારું ધ્યેય

દરેક બાળકને તમામ અધિકાર સમાન રીતે મળે.

સંસ્થા કાર્યાલય : શૈશવ
બ્લોક નં.૩, બીજે માળે, બી વિંગ,સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર ૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧, ૯૩૭૬૪૨૮૫૬૭

**E-mail : shaishav93@gmail.com**
**Web. : shaishavchildrights.org**

રજી. ઓફીસ : શૈશવ, આઈ/૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીએટર પાસે,
થલતેજ રોડ, અમદાવાદ.

- સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષ એક્ટ હેઠળ ૮૦ (જી)(૫) મુજબ ૫૦ % કરમુક્તિને પાત્ર છે.
- સંસ્થાને વિદેશી સહાય મેળવવા માટે જરૂરી મંજૂરી મળેલી છે.
- ક્રેડીબીલીટી એલાયન્સ દ્વારા પ્રમાણિત સંસ્થા (હાલ રીન્યુઅલ પ્રક્રિયા ચાલુ છે)

# ટાઈટલ ૨

# વાર્ષિક અહેવાલ : ૨૦૧૪ ૧૫

માનનીય શ્રી,

૨૦૧૪-૧૫ નું વર્ષ એટલે ભાવનગરને કાર્યક્ષેત્ર બનાવી કાર્યનો પ્રારંભ કર્યાનું વીસમું વર્ષ ! બે દાયકાની યાત્રા, બાળકો સાથે કાર્ય કરતા કરતા ઘણું શીખ્યા... આ અમારા શિક્ષણની યાત્રા... ઘણું કરી શકયા - ઘણું બાકી છે. હજુ મંજિલ ઘણી દૂર છે !

બે દાયકાના કાર્યાનુભવો અદ્દભૂત છે - બાળકો સાથે ચાલવાનું, ખભે ખભા મીલાવીને, આ અનુભવ કોને મળે ! બાળકો સાથે ચાલવુ એટલે બાળપણને નજીકથી જોવું - જાણવું અને એના નાના-નાના ડગ વધુને વધુ મજબુત બને તે પ્રક્રિયામાં આપણી સહભાગિતા એમના નેતૃત્વ સાથે હોય !

અમને પ્રથમ દિવસથી જ થતું હતું, અત્યારે પણ એ જ લાગી રહયું છે કે આ તો 'બાળપણની શોધયાત્રા' છે. જેને આપણે 'બાળપણ' કહીએ છીએ, 'બાળ દેવો ભવઃ' થી નવાજીએ છીએ તે આખરે ખરેખર કયાં છે?

બાળપણની શોધયાત્રા : અમારા પ્રયત્નોએ અમને ઘણું શીખવ્યું ! આ અમારા શિક્ષણનો અલગ અહેવાલ પણ કરવાનું વિચાર્યું, જેથી બધા સાથે વહેંચી શકાય. આ અહેવાલ પણ ટૂંક સમયમાં પ્રકાશિત કરીશું.

અત્યારે આપ સૌના સથવારે બાળકોની સાથે આરંભેલી યાત્રા અમને વધુને વધુ બળવત્તર બનાવી રહી છે, અમારી એ શ્રધ્ધામાં આપ સૌની અમૂલ્ય સહભાગિતાનું દર્શન અમને વિશેષ પ્રેરણા આપે છે.

આભાર સહ,

આપના,
પારૂલ ફાલ્ગુન
શૈશવ પરિવાર વતી

તા. ૦૧-૦૭-૨૦૧૫

## વિહંગાવલોકન

અમારી બાળકો સાથેની યાત્રાના બે દાયકા ૨૦૧૪-૧૫ ના વર્ષમાં પૂરા થયા ! ભાવનગરને કેન્દ્ર બનાવી કાર્યનો પ્રારંભ કર્યો ત્યારે બાળપણની આ શોધયાત્રા અંગે આછી - પાતળી સમજણ હતી, પરંતુ જેમ જેમ કાર્ય કરતા ગયા, શીખતા રહયા તેમ તેમ તેના પડકારો-પ્રશ્નો અને સ્થિતિને વધુ સમજતા થયા, એમાં પણ બાળકોના અધિકારના પરિપ્રેક્ષ્યમાં બાળપણની શોધયાત્રા વિશેષ પડકાર રૂપ છે.

આ બે દાયકા દરમ્યાન ઘણું થયું - ઘણું હજી બાકી છે, મંઝીલ હજી ઘણી દૂર છે ! કંઈક પામ્યા તો, કંઈક ના મળ્યું પણ અમારું શિક્ષણ નિરંતર ચાલતું રહયું ! કાર્યના લેખા-જોખા કરવા, તરાસવા એ તો ખરું જ, પરંતુ અમને જે શીખવા મળ્યું તે મહત્વપૂર્ણ છે. એક એવું સમગ્ર - અખંડ અવિરત શિક્ષણ, જે ધોરણોમાં, વર્ગોમાં કે વર્ષોમાં વહેંચાયેલું નથી! બાળકના અખંડ વ્યક્તિત્વના દર્શનનું શિક્ષણ આ રીતે વહેચાયેલું તો ના જ હોય એ અમે સમજયા! સમગ્રતાનું શિક્ષણ - જીવનનું શિક્ષણ વિષયના પાનાઓમાં વહેંચાય પણ, એના તાણાવાણા જોડાયેલા રહે તો જ વણાટ કરી શકાય એ અમે સમજયા! અને એથી પણ વિશેષ : બાળક પાસેથી જ આપણે કેટકેટલું શીખવાનું છે એ અમે સમજયા!

આમ, અમે આ કાર્ય દરમ્યાન જે કંઈ શીખ્યા તેને એકત્ર કરવા, અંકે કરવા, તેનું દસ્તાવેજીકરણ થાય એ માટે વર્ષ દરમ્યાન સમયાંતરે કેટલાક મિત્રોને સાથે સાંકળીને બાળકો સાથે, તરૂણો સાથે અને કાર્યકરો સાથે બેઠા-વાતો કરી - જાણી - સાંભળી અને લખતા ગયા. આના આધારે અમે ટૂંકમાં જ એક અહેવાલ પ્રકાશિત કરવાના છીએ. આ નિમિતે ૨૦ વર્ષની ઘણી વાતોને વાગોળી, નવા જોડાયેલ કાર્યકરો માટે આ અનુભવોની વાતો મૂલ્યવાન બની રહી!

આ વર્ષ દરમ્યાન બાલસેના, તરૂણસેના, કમ્યુનીટી પ્રોગ્રમ, ચાઈલ્ડ લાઈન, બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર તથા નેટવર્કની કામગીરીની વિશેષ વાતો જે તે પ્રકરણમાં અલગથી કરી છે, પરંતુ તેમાં નવીન કાર્ય શરૂ કર્યુ છે તેની કેટલીક વાતો અહિંયા કરી છે.
ગત વર્ષે બાળકોની સહભાગિતાના અધિકારને ધ્યાનમાં રાખી આંતરરાષ્ટ્રીય સ્તરે વિશિષ્ઠ કાર્ય કરનાર સીટી યુનિ. ઓફ ન્યુયોર્કના ચીલ્ડ્રન એન્વાયરોમેન્ટ રીસર્ચ ગ્રુપના વડા તરીકે કાર્યરત પ્રો. રોજર હાર્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલા બાળ મૈત્રી પૂર્ણ વિસ્તારો અને શાળાઓ અંગે નાવિન્યપૂર્ણ સંશોધનમાં ભારતમાંથી શૈશવની બાલસેના સહભાગી થઈ હતી. શહેરના ૨૨ વિસ્તારોને સંશોધન હેઠળ આવરી લીધા હતા. આ સંશોધનમાંથી પ્રાપ્ત થયેલા તારણોના આધારે બાલસેનાના બાળકોએ પોતાના એકશન પ્લાન બનાવ્યા છે.

વર્ષ દરમ્યાન બાલસેનાના બાળકોએ પોતાના વિસ્તારને બાળ મૈત્રીપૂર્ણ બનાવવાના સંકલ્પ સાથે ગંદકી, વ્યસનમુકિત, બાળલગ્ન, બાળમજૂરી, બાળ અધિકાર, પ્રદુષણ, આરોગ્ય, ચાઈલ્ડ હેલ્પલાઈનનો પ્રચાર પ્રસાર જેવા વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં રાખી વિસ્તારનો નકશો તૈયાર કરવો, સેફ્ટી વોક, પત્રિકા વિતરણ, રેલી, સહિઝુંબેશ, પોસ્ટર, સફાઈકામ, કોર્પોરેટરની મુલાકાત જેવી વિવિધ પ્રવૃતિઓ વિશેષરૂપે કરી હતી. બાળકોની ઉંમરની સાથો સાથ તેમનામાં થતા શારિરીક,

માનસિક અને ભાવનાત્મક ફેરફારોને ધ્યાનમાં રાખી શૈશવ સંસ્થા દ્વારા કિશોરીમંડળનો વિશેષ કાર્યક્રમ ચાલે છે. દર વર્ષે કિશોરીઓ સાથે કિશોરી સંમેલનનું આયોજન કરવામાં આવતું હોય છે. આ અનુસંધાનમાં એક નૂતન પહેલ કરતા આ વર્ષે શૈશવ સંસ્થા દ્વારા સૌપ્રથમ વાર કિશોરો સાથે પણ નિયમિત પ્રવૃતિઓ ઉપરાંત કિશોર સંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શૈશવ પ્રેરિત બાલસેના સંગઠનની સ્થાપનાને ૧૨ વર્ષ પૂર્ણ થયા તે નિમિતે તારીખ ૨૫,૨૬,૨૭ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ જીવન શિક્ષણ અને નેતૃત્વ અંગે ત્રિ-દિવસીય રાજયસ્તરીય બાળ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૧૪ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા ભારત દેશના 'એક્શન ૨૦૧૫'ની શરૂઆત દિલ્હી ખાતે કરવામાં આવી હતી, જેમાં સેવ ધ ચિલ્ડ્રન, વાદા ન તોડ જેવી આંતર રાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય સંસ્થાઓ/નેટવર્ક પણ જોડાયા હતાં. સમગ્ર દેશના ૧૫ રાજયોના ૧૫ પ્રતિનિધિ બાળકોએ એક્શન ૨૦૧૫ દ્વારા પોતાની માંગણીઓ રજૂ કરી હતી. બાળકોની માંગણીના આધારે મુખ્ય ચાર માંગણીઓ રજૂ કરવા માટે પસંદગી પામેલા ચાર પ્રતિનિધિ બાળકોમાં શૈશવ સંસ્થા પ્રેરિત બાલસેનાના અધ્યક્ષ શિવાની ગોંડલીયાએ ગુજરાત તરફથી બાળકોની સહભાગિતાના અધિકારના પ્રાધાન્ય માટે પોતાની માંગણીઓ રજૂ કરી હતી.

કાર્યક્રમમાં ભારત સરકારમાં લઘુમતી બાબતોના મંત્રી તરીકે ફરજ બજાવી રહેલા સુ શ્રી નજમા હેપતુલ્લા તથા ઈન્ડિયા ટુડે ગ્રુપના વરિષ્ઠ પ્રતિનિધિ સુ શ્રી કાવેરી બામસાઇ પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે પોતાના વકતવ્યમાં બાલસેના પ્રતિનિધિ શિવાની દ્વારા કરવામાં આવેલી વાતને ટાંકીને બાળકોની સહભાગિતાના અધિકાર પર વધુ ભાર મુક્યો હતો. કાર્યક્રમ બાદ બાળકોએ ભારત સરકારમાં આદિવાસી બાબતોના મંત્રી તરીકે ફરજ બજાવી રહેલા શ્રી જુઆન ઓરમ તથા નેશનલ કમીશન ફોર વિમેનના ચેરપર્સન સુ શ્રી લલીતા કુમારમંગલમ તથા યુરોપીયન યુનીયનના ભારતના પ્રતિનિધિની પણ મુલાકાત લીધી હતી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળા પ્રવેશ માટે ઘર-ઘરની મુલાકાતો અને ફોલોઅપને પરિણામે કુલ ૨૪૪૦ બાળકો આંગણવાડી થી લઈને ધો. ૧૨ માં દાખલ થયા હતાં.



ગત વર્ષના અનુભવના આધારે શાળા અધવચ્ચે છોડી હોય અને ભણવાની ઈચ્છા ધરાવતા હોય તેવા કિશોર-કિશોરીઓનો સર્વે કરી તેઓની સીધી ધો. ૧૦ ની પરીક્ષા માટે તૈયાર થાય તે માટે વિશેષ 'ઉડાન' કાર્યક્રમ શરૂ કર્યો હતો. અહિંયા અભ્યાસ ઉપરાંત જીવન કૌશલ્યની તાલીમો આપવામાં આવી હતી.

નાની ઉંમરે બાળકની સગાઇ કરી તેના લગ્ન કરવા એ અપરાધ છે, આ વાત કમ્યુનીટી પ્રોગ્રામના કાર્યકરો દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત કુંભારવાડાના ૧૩ વિસ્તારમાં જે બાળકોની સગાઇ થયેલી છે તેવા બાળકોના કુલ ૫૩ વાલીઓ પાસે પોતાના બાળકના લગ્ન કાયદા પ્રમાણેની ઉંમર પુરી કર્યા પછી કરાવવાની ખાત્રી આપતું સંમતિ પત્રક પણ સામુદાયિક કાર્યક્રમના કાર્યકરો દ્વારા કરવામાં ભરાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ સતત ફોલોઅપ કરી બાળલગ્ન ન થાય તેની તકેદારી પણ રાખી હતી.

તારીખ ૧ માર્ચના રોજ લોક સમર્થન મંચના સભ્યોનું સંમેલન રાખવામાં આવ્યું હતું, સંમેલનમાં ઉપસ્થિત કુલ ૨૩૯ લોકો સાથે બાળ અધિકાર માટે વિસ્તારના મોટાઓ તથા લોક સમર્થન મંચની ભૂમિકા અને સફળતાઓની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત શૈશવ સંસ્થા દ્વારા વિસ્તારના એવા વાલીઓ જેમણે ખુબ મહેનત દ્વારા આર્થિક મુશ્કેલીઓના સામનો કરી બાળકોને કોલેજ સુધી શિક્ષણ અપાવ્યું અને ક્યારેય તેમને બાળમજૂરી કે બાળલગ્નનો ભોગ બનવા ન દીધા હોય, તેઓનું અભિવાદન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું સાથો સાથ 'ઉડાન' કાર્યક્રમમાં શાળા છોડી દીધેલા બાળકોને ધોરણ ૧૦ની સીધી પરીક્ષા આપવા માટે સેવાઓ





આપતા શિક્ષકોનું પણ અભિવાદન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

તારીખ ૨૧થી ૨૩ ઓક્ટોબરના દિવાળીના દિવસો દરમ્યાન તાપીબાઇ વિકાસગૃહની બાળકીઓ સાથે તરૂણસેનાનાં સભ્યો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ત્રણ દિવસ દરમ્યાન તરૂણસેનાના ૫ અને બાલસેનાના ૩ સભ્યો દ્વારા બાળકીઓ સાથે દિવાળીકાર્ડ, રંગોળી, કોડિયા શણગારવા જેવી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી. આમ, તરૂણસેના દ્વારા તાપીબાઇ વિકાસ ગૃહની કાળજી અને જરૂરિયાત વાળી બાળકીઓ સાથે દિવાળીની ઉજવણી કરી તેમના ચહેરા પર આનંદ લાવવાનો એક નાનકડો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

શૈશવ પ્રેરિત તરૂણસેનાના સભ્ય વિપુલભાઇના નામની યુ.કે.સ્થિત ક્વીન એલીઝાબેથ ડાયમંડ જ્યુબીલી ટ્રસ્ટ ઉપક્રમે ક્વીન્સ યંગ લીડર એવોર્ડ માટે ભલામણ થઇ હતી. વિશ્વભરમાંથી આવેલ લગભગ એકાદ હજાર નામાંકનો માંથી વિપુલનું નામ શોર્ટલીસ્ટ થયા પછી, ટ્રસ્ટ દ્વારા વિશ્વપ્રસિધ્ધ રોયલ કોમનવેલ્થ સોસાયટીના એસોસીએટ ફેલો તરીકે પસંદગી થઇ હતી. આમ, સમગ્ર ગુજરાત, ભાવનગર અને શૈશવ-તરૂણસેનાનું ગૌરવ વધાર્યુ હતું. હાલમાં વિપુલ પોતાના એમ.એસ.સી આઇ.ટી ના અભ્યાસની સાથો સાથ શૈશવ પ્રેરિત તરૂણસેનાના કાર્યભાર સંભાળવા ઉપરાંત કુંભારવાડામાં બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ તથા લોકોને સરકારી યોજનાઓ-સેવાઓની માહિતી મળે તે માટે કેન્દ્ર સંભાળે છે.

બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રનું કાર્ય વિશેષ વિકસી રહ્યું છે. શૈશવના કાર્યકરોની સજજતા માટે અનેકવિધિ









તાલીમો પણ યોજવામાં આવતી રહે છે, આ ઉપરાંત ગુજરાત તથા ગુજરાત બહારની સંસ્થાઓને તાલીમ આપવાનું કાર્ય પણ વિસ્તરી રહયું છે. આ વર્ષે ગુજરાતની ૨૦ ઉપરાંત સંસ્થાઓ તથા યુનિસેફ ની પાર્ટનર સંસ્થાઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન વિશેષ તાલીમો યોજવામાં આવી હતી. આ ઉપરાંત બાળ અધિકાર સમૂહ ગુજરાત તથા અન્ય રાષ્ટ્રીય નેટવર્ક સાથે સક્રિય પણે જોડાઇને બાળ અધિકારના કાર્યોમાં વિશેષ સહભાગી બન્યા હતા. ૨૦૧૪-૧૫ નું વર્ષ શૈશવના કાર્યક્રમ માટે મહત્વપૂર્ણ એટલા માટે છે કે શૈશવની નુતન પહેલ અને ભાવનગર જિલ્લા કલેકટર શ્રી પી.કે.સોલંકીના સક્રિય માર્ગદર્શન વડે ભાવનગર જિલ્લાના શિક્ષણ અને સમાજ સુરક્ષા સરકારી વિભાગો તેમજ પ્રાથમિકથી લઇને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘો, આચાર્યસંઘ, વહીવટી કર્મચારી સંઘ વિગેરેના ઉમદા અને ઉદાહરણીય સહયોગને પરિણામે સમગ્ર જિલ્લાની તમામ શાળાઓના બાળકોની સુરક્ષા અને કાળજીને ધ્યાનમાં લઇ શાળા બાળ સંરક્ષણ-માર્ગદર્શિકા તૈયાર કરી દરેક શાળામાં બાળ સુરક્ષા સમિતિની રચના થાય તે રીતે સ્વૈચ્છિક પહેલને સુંદર પ્રતિસાદ મળ્યો હતો. આમ આ નૂતન કાર્ય અન્યોને માટે ઉદાહરણ રૂપ બન્યું છે. નવેમ્બર ૨૦૧૪ના બાળઅધિકારોની ઘોષણાના ૨૫ વર્ષ થતા હોવાથી તે નિમિતે સમગ્ર ગુજરાતને સાંકળતી યાત્રાનું આયોજન બાળ અધિકાર સમૂહ-ગુજરાત અને યુનિસેફના ઉપક્રમે ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૧૪ દરમ્યાન કરવામાં આવ્યું હતું. જેના આયોજનથી લઇને સમગ્ર યાત્રા અને તે અંગેના કાર્યોમાં શૈશવની સમગ્ર ટીમે સવિશેષ સક્રિય જવાબદારી નિભાવી હતી.

# બાલસેના

રાજય તથા રાષ્ટ્રિય સ્તરના અનેકવિધ કાર્યક્રમોમાં શૈશવના કાર્યકરો તથા બાળકોએ નોંધપાત્ર પ્રતિનિધિત્વ કરી બાળકોના પ્રશ્નો-પડકારો અંગે અનુભવોનું અદાન-પ્રદાન કર્યું હતું.

એકતા અને સમાનતાના મૂલ્યો પર રચાયેલું બાલેનાનું સ્વાયત સંગઠન પોતાના એક દાયકાથી પણ વધુની સફર દરમ્યાન અભિવ્યક્તિ, મોકળાશ, બાળકોનું પોતાનું સ્થાન અને જગ્યા, સહભાગિતાનો અધિકાર તથા ચારિત્ર્ય ઘડતર અને વિકાસનું પર્યાય બની રહ્યું છે.

વિકસતી દુનિયાની આ દોટમાં એક તરફ બાળકોની સ્થિતિ અને તેમની સમસ્યાઓ અંગેની સંવેદનશીલતાના પ્રશ્નો છે તો બીજી તરફ દિન પ્રતિદિન બાળકોની અસલામતી અને અત્યંત સ્પર્ધાત્મક વાતાવરણના પ્રશ્નો પણ ખુબ જ વિકટ બની રહ્યા છે. અનેક ડરની સાથે વિકાસની હોડમાં પરાણે ધકેલાયેલું આ બાળક આજે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની મથામણમાં બાળપણનો સાચો આનંદ પણ માણી શકતા નથી.

બાલસેના - બાળકોનું સંગઠન આવી સમજણમાંથી જ વિકસતું ગયુ, મૂલ્યોને આત્મસાત કરતું, બાળકોના અધિકાર સૌને મળે -સૌ સાથે વિકસીએ એવી ભાવના સાથે, બાળકો જ એક મેક્ના રાહબર બની મિત્રતા વિકસાવતા આગળ વધી રહ્યાં છે. અગાઉ બાળકોએજ પોતાના વિસ્તારોમાં બાળ અધિકારના અનુસંધાનમાં સ્થિતિ કેવી છે તે અંગે તાલીમ દ્વારા સંશોધન કાર્ય શીખી, સંશોધન અંગેના ટૂલ્સ જાતે વિકસાવી લગભગ ૬૦૦૦ ઉપરાંત બાળકોએ મળીને ચાઈલ્ડ રાઈટ ઓડીટ સંશોધન કર્યુ હતું. તેમાંથી મળેલા તારણો માંથી કેટલાક મુદ્દાઓ પર તેઓ કાર્ય પણ કરી રહ્યા છે.

**બાળ મૈત્રીપૂર્ણ વિસ્તાર માટે બાળકો દ્વારા વિવિધ કાર્યક્રમો**

આ ઉપરાંત ગત વર્ષે બાલસેનના બાળકોએ બાળકોની સહભાગિતા અંગે વિશિષ્ટ કાર્ય કરનાર પ્રો. રોજર હાર્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલા બાળમૈત્રી પૂર્ણ વિસ્તારો અને શાળાઓ અંગે નાવીન્યપૂર્ણ સંશોધન હાથ ધર્યુ હતુ. પ્રો. રોજર હાર્ટના મદદનીશ અને તેમના માર્ગદર્શન હેઠળ પીએચડી કરતા શ્રુતિબહેન આત્માકુરના માર્ગદર્શન હેઠળ જ્યારે બાળકોએ સંશોધન હાથ ધર્યું ત્યારે વિવિધ વિસ્તારોમાંથી બાળઅધિકારોનું હનન કરતા ઘણા મુદ્દાઓ બહાર આવ્યા હતા. સંશોધનના આધારે આ વર્ષની શરૂઆતમાં બાળકોએ તેમને અસર કરતા મુદ્દાઓને દુરકરવાનો એક્શન પ્લાન તૈયાર કર્યો જેના આધારે વિવિધ વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.

આ સંશોધનમાંથી પ્રાપ્ત થયેલા તારણોના આધારે બાળસેનાના બાળકોએ પોતાનો એક્શન પ્લાન બનાવ્યા છે. આ સંદર્ભમાં વર્ષ દરમ્યાન બાલસેનાના બાળકોએ કુલ ૨૭ વિસ્તારોમાં ૪૯ મીટીંગો, તથા બાળ મૈત્રીપૂર્ણ વિસ્તારના વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં લઈ ૧૮૫ જેટલા કાર્યક્રમો કર્યા હતા.

વર્ષ દરમ્યાન બાલસેનાના બાળકોએ પોતાના વિસ્તારને બાળ મૈત્રીપૂર્ણ બનાવવાના સંકલ્પ સાથે ગંદકી, વ્યસનમુક્તિ,

બાળલગ્ન, બાળમજૂરી, બાળ અધિકાર, પ્રદુષણ, આરોગ્ય, ચાઇલ્ડ હેલ્પલાઇનનો પ્રચાર પ્રસાર જેવા વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં રાખી વિસ્તારનો નકશો તૈયાર કરવો, સેફ્ટી વોક, પત્રિકા વિતરણ, રેલી, સહિઝુંબેશ, પોસ્ટર, સફાઇકામ, કોર્પોરેટરની મુલાકાત જેવી વિવિધ પ્રવૃતિઓ કરી હતી.

બાલસેનાના બાળકોની સહભાગિતાથી જ બાળ મૈત્રીપૂર્ણ વિસ્તારોનું સંશોધન થાય અને પ્રાપ્ત તારણોના આધારે બાળકો દ્વારા જ રણનીતિ તૈયાર કરી તે દિશામાં પહેલ કરવાની પ્રક્રિયા દ્વારા બાલસેનાના બાળકોએ સહભાગિતાનું એક ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું છે.

**બાલસેના ચુંટણી**

દર વર્ષની જેમ બાળસેનાના દરેક જૂથમાં કેપ્ટન, વાઇસ કેપ્ટન અને કોર ગ્રુપ સભ્યોની ચુંટણીઓ જુલાઇ મહિના દરમ્યાન જે તે વિસ્તારોમાં યોજાઇ હતી. માપદંડ અને ગુણ આધારિત આ વિશિષ્ટ ચુંટણીમાં લોકશાહીના સાચા હાર્દને ઉજાગર કરે છે. દરેક ટીમોમાં ચુંટાયેલા કેપ્ટન-વાઇસ કેપ્ટન અને કોરગ્રુપ સભ્યો મળીને કાઉન્સીલની રચના થતી હોય છે. આ કાઉન્સીલમાં બાળસેનાના અધ્યક્ષ ઉપાધ્યક્ષની ચુંટણી થતી હોય છે. ઓગસ્ટ મહિનામાં થયેલી ચુંટણીમાં બાલસેના અધ્યક્ષ તરીકે શીવાની તથા ઉપાધ્યક્ષ તરીકે આશા અને આકાશ ચુંટાઇ આવ્યા હતા.

**બચતબેંક પ્રવૃતિ / કાર્યક્રમ**

બાલસેનાના બાળકોમાં કરકસરનું મૂલ્ય વિકસે, સ્વતંત્ર નિર્ણય શક્તિ વિકસે, સ્વસ્થ વિચાર વિકસે તેવા હેતુથી બાળકો માટે બચત કાર્યક્રમ પ્રવૃતિ ચાલી રહી છે. આ સમયગાળા દરમ્યાન બાળકો સાથે બજેટ-ખર્ચના અનુમાન કેવી રીતે કરવા, તેની જરૂરીયાત શા માટે છે? ક્યા કારણો છે વિગેરે તથા તે માટે આવક ક્યાંથી આવશે જેવી બાબતોને લઇને તાલીમ યોજવામાં આવી હતી.

આ ઉપરાંત તા. ૩ ઓગસ્ટના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ, આંબાલાના નિવૃત અધ્યાપક અને વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા બાળદોસ્ત શ્રી દેવેન્દ્રભાઇ ભટ્ટની ઉપસ્થિતિમાં વાર્ષિક બચત પ્રવૃતિ દિન કાર્યક્રમ પણ ઉજવવામાં આવ્યો હતો જેમાં સમગ્ર વર્ષના હિસાબો રજુ કરવામાં આવ્યા હતા, ઉપરાંત વધુ બચત કરનાર બાળકો, સૌથી વધુ બચત કરનાર ટીમ અને સૌથી ઓછો ઉપાડ કરનાર ટીમ ને સન્માનિત કરી પ્રોત્સાહન રૂપ પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા.



સમગ્ર વર્ષ દરમ્યાન રૂા. ૯૧,૮૩૦ ની બચત બાળકોએ કરી હતી આમ કુલ બચત અગાઉના વર્ષની મળીને રૂા. ૧,૮૪,૭૯૨ થઈ હતી, જ્યારે વિવિધ કારણોસર બાળકોએ રૂા. ૧,૦૮,૭૧૩ નો ઉપાડ કર્યો હતો.

**કિશોર સંમેલન**
બાળકોની ઉંમરની સાથો સાથ તેમનામાં થતા શારિરીક, માનસિક અને ભાવનાત્મક ફેરફારોને ધ્યાનમાં રાખી શૈશવ સંસ્થા દ્વારા દર વર્ષે ધોરણ ૭ અને ૮ માં અભ્યાસ કરતી કિશોરીઓ સાથે કિશોરી સંમેલનનું આયોજન કરવામાં આવતું હોય છે. આ અનુસંધાનમાં એક નૂતન પહેલ કરતા આ વર્ષે શૈશવ સંસ્થા દ્વારા સૌ પ્રથમ વાર કિશોરો સાથે કિશોર



સંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૧૦ જાન્યુઆરીના રોજ યોજાયેલા કિશોર સંમેલનમાં વિવિધ શાળાઓ તથા પોલીસ સુરક્ષા સેતુ અંતર્ગત ચાલી રહેલા સ્ટુડન્ટ પોલીસ કેડેટના કુલ ૨૨૫ કિશોરો હાજર રહ્યા હતા. સમગ્ર દિવસ દરમ્યાન કિશોરો સાથે કિશોરાવસ્થામાં થતા શારિરીત, માનસિક તથા ભાવનાત્મક ફેરફારોને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી જેમાં ફિલ્મ શો, જેન્ડર પ્રમાણે કામની વહેંચણી, સુરક્ષા માટેના જરૂરી સવાલોનો સમાવેશ થાય છે.

દિવસ દરમ્યાન કરેલી પ્રવૃતિ બાદ સાંજે બાળકોના પ્રતિભાવોની સાથો સાથ કાર્યક્રમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શહેરના જાણીતા સર્જન અને બાલદોસ્ત ડો. ભરતભાઇ મિસ્ત્રીએ પણ કિશોરો સાથે પ્રેરણાત્મક વાર્તાલાપ કર્યો હતો.

**કિશોરી સંમેલન**
૧૧મી જાન્યુઆરીના રોજ ગુજરાતના જાણીતા પખવાડીક ભૂમિપૂત્રના તંત્રી સુ શ્રી પારૂલબેન દાંડીકરની ઉપસ્થિતીમાં પોલીસ સુરક્ષાસેતુ અંતર્ગત ચાલી રહેલા સ્ટુડન્ટ પોલીસ કેડેટના સહયોગથી કુલ ૧૬૦ કિશોરીઓ સાથે કિશોરી સંમેલન પણ યોજવામાં આવ્યું હતું.

કિશોરી સંમેલનમાં ઉપસ્થિત કિશોરીઓને કિશોરાવસ્થામાં થતા શારિરીક, માનસિક અને ભાવનાત્મક ફેરફારની સાથો સાથ સ્વરક્ષણની વેનલીડો પધ્ધતિના પરિચયની તાલીમ પણ આપવામાં આવી હતી. સમગ્ર તાલીમ શૈશવ પરિવારની


કાર્યકર બહેનો દ્વારા આપવામાં આવી હતી.

**૧૨મો વાર્ષિકોત્સવ**

એકતા અને સમાનતાના મૂલ્યો પર રચાયેલા બાલસેના સંગઠનની સ્થાપનાને ૧૨ વર્ષ પૂર્ણ થતા તારીખ ૨૮ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ શૈશવ પ્રેરિત બાલસેનાના ૧૨માં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

વાર્ષિકોત્સવની ઉજવણીમાં શહેરના વિવિધ વિસ્તારો તથા શાળાઓમાંથી લગભગ ૭૦૦ જેટલા બાલસેનાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રામકૃષ્ણ મિશન, વડોદરાના સ્વામી શ્રી ધર્મપાલનંદજીના આશીર્વચન મેળવી બાળકો દ્વારા ભાવનગર શહેરના મોતીબાગ  ટાઉનહોલથી શાંતિલાલ શાહ હાઈસ્કુલ સુધી બાળ અધિકારના ગીતો તથા સૂત્રોચ્ચાર કરી રેલી કરવામાં આવી હતી. શાંતિલાલ શાહ હાઈસ્કુલ ખાતે બાલસેનાના ધ્વજને વંદન કરી બાલસેના ગીત દ્વારા સૌને આવકારવામાં આવ્યા હતા.

દર વર્ષે બાલસેના વાર્ષિકોત્સવ વિશિષ્ટ થીમ સાથે ઉજવવામાં આવતો હોય છે, આ વર્ષે ઉજવવામાં આવેલા બાલસેનાના ૧૨માં વાર્ષિકોત્સવની મુખ્ય થીમ વિમાન હતી, જેમાં બાળકોને ફિલ્મ તથા પ્રદર્શન દ્વારા વિમાનના ઈતિહાસ, પ્રકાર, બનાવટ વગેરેથી પરિચિત કરાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત બાળકોએ કાગળકામ દ્વારા અલગ અલગ ૨૦ થી પણ વધુ પ્રકારના  વિમાનોના નમૂનાઓ તૈયાર કર્યા હતા. વિમાનની સાથો સાથ બાળકોને પર્યાવરણ, વેસ્ટમાંથી બેસ્ટ, સ્ક્રીન પ્રિન્ટીંગ વગેરે પણ શીખવવામાં આવ્યું હતું.





**રાજ્ય સ્તરીય બાળશિબિર**

શૈશવ પ્રેરિત બાલસેના સંગઠનની સ્થાપનાને ૧૨ વર્ષે પૂર્ણ થયા તે નિમિતે તારીખ ૨૫,૨૬,૨૭ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ જીવન શિક્ષણ અને નેતૃત્વ અંગે ત્રિ-દિવસીય રાજ્યસ્તરીય બાળ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરમાં રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં કાર્યરત ૯ સંસ્થાઓમાંથી ૪૫ પ્રતિનિધિ બાળકો તથા ૨૫ કાર્યકરો સહભાગી થયા છે. ત્રણ દિવસ દરમ્યાન બાળકો તથા કાર્યકર્તાઓ સાથે સ્વવિકાસ, જીવનશિક્ષણ અને નેતૃત્વ જેવા વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં રાખી પ્રવૃતિઓ દ્વારા તાલિમ કરવામાં આવી હતી. જેમાં બાળકો તથા કાર્યકર્તાઓ એ પોતે જે વિસ્તાર માંથી આવે છે તે વિસ્તારની ભૌગોલિક, સાંસ્કૃતિક તથા ઐતિહાસિક માહિતી તથા પોતાની સંસ્થાની માહિતી પ્રદર્શન દ્વારા રજૂ કરી હતી.

બાળકો અને કાર્યકરો પોતાનો નિર્ણય જાતે લેતા થાય, પોતાના ધ્યેયને મેળવવા પોતાની શક્તિ અને મર્યાદાઓ જાણી સંગઠિત બની કાર્ય કરતા થાય, પોતાના જીવનના ઉતાર ચઢાવની વાતનું અન્ય સાથે આદાન પ્રદાન કરતા થાય તે માટે વિવિધ પ્રવૃતિઓ દ્વારા તેમની સાથે પ્રેરણા દાયક વાર્તાલાપ કરી તેમના આત્મવિશ્વાસમાં પણ વધારો કરવામાં આવ્યો હતો. બાલસેના  અધ્યક્ષે સંયુક્ત રાષ્ટ્રસંઘના એક્શન ૨૦૧૫માં બાળકોની સહભાગિતાની વાત કરી.

તારીખ ૧૪ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા ભારત દેશના 'એક્શન ૨૦૧૫'ની શરૂઆત દિલ્હી ખાતે કરવામાં આવી હતી જેમાં સેવ ધ ચિલ્ડ્રન, વાદા ન તોડો જેવી આંતર રાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય સંસ્થાઓ/નેટવર્ક પણ જોડાયા હતાં. સમગ્ર દેશના ૧૫ રાજ્યોના ૧૫ પ્રતિનિધિ બાળકોએ એક્શન ૨૦૧૫ દ્વારા પોતાની માંગણીઓ રજૂ કરી હતી. બાળકોની માંગણીના આધારે મુખ્ય ચાર માંગણીઓ રજૂ કરવા માટે પસંદગી પામેલા ચાર પ્રતિનિધિ બાળકોમાં શૈશવ સંસ્થા પ્રેરિત બાલસેનાના અધ્યક્ષ શિવાની ગોંડલીયાએ ગુજરાત તરફથી  બાળકોની સહભાગિતા માટે પોતાની માંગણી રજૂ કરી હતી.

પોતાની માંગણીમાં શિવાનીએ બાળકોની સહભાગિતાના અધિકારને ધ્યાનમાં રાખી બાળકોને પોતાનું સંગઠન તૈયાર કરવા તથા બાળકોને લગતા નિર્ણયો માટે બાળકોની ભાગેદારી માટેની વાત કરી હતી. કાર્યક્રમમાં ભારત સરકારમાં લઘુમતી બાબતોના મંત્રી તરીકે ફરજ બજાવી રહેલા સુ શ્રી નજમા હેપતુલ્લા  તથા ઇન્ડિયા ટુડે ગ્રુપના વરિષ્ઠ પ્રતિનિધિ સુ શ્રી કાવેરી બામસાઇ પણ ઉપસ્થિત રહ્યા હતા જેમણે પોતાના વક્તવ્યમાં  બાલસેના પ્રતિનિધિ શિવાની દ્વારા કરવામાં આવેલી વાતને ટાંકીને બાળકોની સહભાગિતાના અધિકાર પર વધુ ભાર મુક્યો હતો. કાર્યક્રમ બાદ બાળકોએ ભારત સરકારમાં આદિવાસી બાબતોના મંત્રી તરીકે ફરજ બજાવી રહેલા શ્રી જુઆન ઓરમ તથા નેશનલ કમીશન ફોર વિમેનના ચેરપર્સન સુ શ્રી લલીતા કુમારમંગલમ તથા યુરોપીયન યુનીયનના ભારતના પ્રતિનિધિની પણ મુલાકાત લીધી હતી.

## વર્ષઃ- ૨૦૧૪-૧૫ દરમ્યાન બાલસેનામાં થયેલ પ્રવૃતિ બાળકો દ્વારા બાળકો સાથે થયેલ પ્રવૃતિઓ

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | બાળકો દ્વારા કાર્યક્રમો | ૮૦ | ૮૯૩ | ૮૫૦ | ૧૭૪૩ |
| ૨ | કાઉન્સીલ મિટીંગ | ૦૮ | ૫૭ | ૪૭ | ૧૦૪ |
| ૩ | સીનિયર મિટીંગ/ કારોબારી મિટીંગ | ૧૩ | ૩૬ | ૨૪ | ૬૦ |
| ૪ | ભાવનગરનાં- સ્થળોની મુલાકાત | ૩૨ | ૨૦૧ | ૨૧૭ | ૪૧૮ |
| ૫ | રીસોર્સ પર્સનની- સેવાઓ | ૧૫ | ૪૦૧ | ૨૫૬ | ૬૫૭ |
| ૬ | કિશોરીઓ દ્વારા તાલીમ | ૮૬ | -- | ૧૧૧૪ | ૧૧૧૪ |



## કાર્યકરો દ્વારા બાળકો સાથે થયેલ પ્રવૃતિ

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | શૈશવ દ્વારા જુથના કાર્યક્રમ | ૩૬૨ | ૪૩૧૮ | ૪૨૭૫ | ૮૫૯૩ |
| ૨ | શૈશવ દ્વારા જુથના સંયુકત કાર્યક્રમ | ૧૮ | ૬૪૯ | ૪૦૯ | ૧૦૫૮ |
| ૩ | શૈશવ દ્વારા જુથની સંયુકત તાલીમ | ૨૯ | ૪૨૯ | ૩૮૮ | ૮૧૭ |
| ૪ | કિશોરી મેળા | ૦૫ | -- | ૬૬૩ | ૬૬૩ |
| ૫ | શૈશવ દ્વારા નેતૃત્વ તાલીમ | ૦૭ | ૧૬૭ | ૬૫ | ૨૩૨ |
| ૬ | શૈશવ દ્વારા એકદિવસીય તાલીમ | ૨૯ | ૪૨૯ | ૩૮૮ | ૮૧૭ |
| ૭ | કિશોર મંડળ | ૧૭ | ૨૪૭ | -- | ૨૪૭ |
| ૮ | કિશોરી મંડળ | ૦૬ | -- | ૮૧ | ૮૧ |
| ૯ | વાર્ષિક સંમેલન | ૦૧ | ૪૦૮ | ૩૮૨ | ૭૯૦ |
| ૧૦ | સ્વ રક્ષણ વેનલીડો પરિચય તાલીમ | ૦૯ | -- | ૫૮૯ | ૫૮૯ |
| ૧૧ | સ્વ રક્ષણ વેનલીડો બેઝીક તાલીમ | ૦૨ | -- | ૩૦ | ૩૦ |
| ૧૨ | બાલસેનાના બાળકોનું પ્રતિનિધિત્વ નેટર્વકીંગ એડવોકસી | ૦૮ | ૦૬ | ૦૮ | ૧૪ |
| ૧૩ | કિશોરી સંમેલન | ૦૧ | -- | ૧૬૦ | ૧૬૦ |
| ૧૪ | કિશોર સંમેલન | ૦૧ | ૨૧૦ | -- | ૨૧૦ |









# સામુદાચિક વિકાસ કાર્યક્રમ

બાળકોના શિક્ષણ અને વિકાસ અંગે જાગૃતિની સાથોસાથ સમાજની સહભાગીતા અનિવાર્ય છે. બાળ અધિકાર મૂદ્દાઓ અંગે વ્યાપક દ્દષ્ટિકોણ કેળવાય તથા બાળકના વિકાસ અને સુરક્ષા અંગે સમજણ કેળવાતી જાય તે માટે વિસ્તારના લોકો સંગઠિત થાય તે માટે સામુચિક વિકાસ કાર્યક્રમ કાર્યરત છે.



બાળકોના શિક્ષણ અને વિકાસ માટેના કાર્યોની અસરકારકતા માટે તથા વિસ્તારનું સ્પષ્ટ ચિત્ર મળે તે માટે ૨૦ વિસ્તારોમાં બાળકો અંગેનો બેઝલાઈન સર્વે કરવામાં હતો. આ સર્વેના તારણોને આધારે શાળાએ જતા, શાળાએ ન જતા તથા મજૂરી કરતા બાળકો તેમજ આંગણવાડીના બાળકો અંગે ફોલોઅપ કાર્ય નિયમિત પણે ટીમ દ્વારા કરવામાં આવતું રહ્યું છે.

આ વર્ષે મહત્વપૂર્ણ ફોલોઅપ વિગેરેને પરિણામે વાલીઓ તથા બાળકોમાં શિક્ષણનું મહત્વ પ્રસ્થાપિત થઈ રહ્યું છે. બાળકોને ધો. ૮ પછી પણ આગળ ભણાવવા માટે વાલીઓના વલણોમાં પણ હકારાત્મક ફેરફાર જોવા મળ્યા છે.

| ક્રમ | શાળા પ્રવેશ | દાખલ થયા |
|---|---|---|
| ૧ | આંગણવાડી ૩-૬ વર્ષના બાળકો | ૬૫૭ |
| ૨ | ધો- ૧ | ૬૯૫ |
| ૩ | ધો- ૯ | ૪૬૪ |
| ૪ | ધો- ૧૦ | ૩૦૮ |
| ૫ | ધો- ૧૧ | ૨૧૪ |
| ૬ | ધો- ૧૨ | ૧૦૨ |
|  | કુલઃ- | ૨૪૪૦ |



વિસ્તારમાં અનેક નાના-મોટા તથા રોજગારીના પ્રશ્નો સાથે સંઘર્ષ કરતા લોકોમાં બાળકોના મુદ્દાઓને પ્રાથમિકતા મળે તે માટે તેઓના વલણોમાં ફેરફાર થાય તે બહુ મોટો પડકાર છે. જો કે સાતત્યપૂર્ણ રીતે વિસ્તારોની નિયમિત મુલાકાતો દ્વારા સંબંધો વિકસાવીને કાર્યરત રહેવાને પરિણામે કેટલાક ફેરફારો લાવવામાં નિમિત બન્યા છીએ તેનો આનંદ અને ગૌરવ પણ છે, છતાં હજુ મંજીલ ઘણી દૂર છે.

આ જાગૃતિ માટે અનેક વિધ માધ્યમોનો ઉપયોગ કરતા રહયા છીએ. વ્યકિતગત ઘર મુલાકાતો, ફળિયા મીટીંગ અને વિસ્તારની મીટીંગ ઉપરાંત સક્રિય લોકોની સાથે રહી વિકસાવેલ લોક સમર્થન મંચ, વૉર્ડ કમિટિ, એરિયા કમિટિ તથા સંગઠનો તેમજ સંમેલનોના આયોજન કરવામાં આવ્યા હતા.

આ મીટીંગો અને મુલાકાતો દરમ્યાન બાળકોના પ્રશ્નો તથા વિસ્તારના પ્રશ્નોની ચર્ચા તથા એના ઉકેલ માટેનાં પ્રયત્નો અંગે એકત્રિત પ્લાન બનાવવામાં આવતા હોય છે અને પછીથી વિસ્તારના જ લોકોના નેતૃત્વ હેઠળ સંબધિત વિભાગોને મળી પ્રશ્નો ઉકેલનાં પ્રયત્ન કરવામાં આવતા હોય છે. આ ઉપરાંત મીટીંગ દરમ્યાન અનેકવિધ પ્રકારની પત્રિકાઓ જેવી કે બાળ અધિકાર, શિક્ષણનો અધિકાર, બાળમજૂરી નાબુતી, ચાઈલ્ડ હેલ્પ લાઇન, સરકારી સેવાઓ અને યોજના અંગેની માહિતી તેમજ આરોગ્ય તથા શહેરમાં થતા અન્ય પ્રવૃતિઓની પત્રિકાઓ વિતરણ કરી જરૂરી માહિતી પણ આવવામાં આવતી હોય છે.

આ પ્રયત્નોના પરિણામે ગોપાલ સોસાયટીમાં ખૂલ્લી ગટરનો પ્રશ્ન, વાદીલા વિસ્તારમાં આંગણવાડીનો તથા ગટરનો પ્રશ્ન, વિરમેઘનગરમાં પાણીનો પ્રશ્ન, રામદેવનગરમાં અસામાજિક તત્વોના પ્રશ્નો, ભીસ્તામાં આંગણવાડીનો પ્રશ્ન, રૂખડીયા વિસ્તારમાં ગંદકીનો પ્રશ્ન તેમજ મોતીતળાવમાં રોડ અને સ્ટ્રીટલાઈટનો પ્રશ્ન હલ થયા છે. જયારે અન્ય કેટલાક વિસ્તારોના પ્રશ્નો જેવા કે રોડ, ગટર, પાણી તથા શાળાના પ્રશ્નો અંગે પ્રયત્નો ચાલુ છે. આમ વિસ્તારના લોકો પોતે જ પોતાના પ્રશ્નોનાં ઉકેલ માટે પહેલ કરે, સંવાદ કરે અને સામર્થ્ય વિકસાવે તેમાં સંસ્થાના કાર્યકરો તેઓને મદદરૂપ થતા હોય છે.

શાળાના શિક્ષકો ઉપરાંત શાળા વ્યવસ્થાપન સમિતિ તેમજ આંગણવાડી કાર્યકરો દ્વારા પણ નિયમિત મીટીંગ અને તાલીમ યોજી, સાથે મળીને બાળક માટે કાર્ય કરવા અંગે સામુહિક જવાબદારી નિભાવવાના પ્રયત્નો કરવામાં આવતા રહયા છે, જેને લીધે કાર્યમાં સુંદર પરિણામો મળી રહયા છે. અને તે માટે બધાના તરફથી મળતો સહયોગ ગૌરવરૂપ છે.

નાની ઉંમરે બાળકની સગાઇ કરી તેના લગ્ન કરવા એ અપરાધ છે, આ વાત કમ્યુનીટી પ્રોગ્રામના કાર્યકરો દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત કુંભારવાડાના ૧૩ વિસ્તારમાં જે બાળકોની સગાઇ થયેલી છે તેવા બાળકોના કુલ ૫૩ વાલીઓ પાસે પોતાના બાળકના લગ્ન કાયદા પ્રમાણેની ઉંમર પુરી કર્યા પછી કરાવવાની ખાત્રી આપતું સંમતિ પત્રક પણ સામુદાયિક કાર્યક્રમના કાર્યકરો દ્વાર મેળવવામાં આવ્યા હતાં.

**લોક સમર્થન મંચ સંમેલન અને વાલીઓનું સન્માન**
તારીખ ૧ માર્ચના રોજ કુંભારવાડા, કરચલીયાપરા તથા ખેડૂતવાસ વિસ્તારના લોકોનું સંગઠન લોક સમર્થન મંચના સભ્યોનું સંમેલન રાખવામાં આવ્યું હતું, જેમાં બાલસેનાના બાળકોના વાલીઓને પણ આમંત્રણ આપી જોડવામાં આવ્યા હતા. સંમેલનમાં ઉપસ્થીત કુલ ૨૩૯ લોકો સાથે બાળ અધિકાર માટે વિસ્તારના મોટાઓ તથા લોક સમર્થન મંચની ભૂમિકા અને સફળતાઓની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત શૈશવ સંસ્થા દ્વારા વિસ્તારના એવા વાલીઓ જેમણે ખુબ મહેનત દ્વારા આર્થિક મુશ્કેલીઓના સામનો કરી બાળકોને કોલેજ સુધી શિક્ષણ અપાવ્યું અને ક્યારેય તેમને બાળમજૂરી કે બાળલગ્નનો ભોગ બનવા ન દીધા હોય, તેઓનું અભિવાદન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું સાથો સાથ શૈશવ સંસ્થાના ઉડાન કાર્યક્રમમાં શાળા છોડી દીધેલા બાળકોને ભણાવી તેમને તેમને ધોરણ ૧૦ની સીધી પરીક્ષા આપવા સક્ષમ કરનાર શિક્ષકોનું પણ અભિવાદન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.


**વિશ્વ મહિલા દિનની ઉજવણી**
તારીખ ૮ માર્ચના રોજ 'વિશ્વ મહિલા દિન'ની ઉજવણી નિમિતે શૈશવ સંસ્થા દ્વારા વિસ્તારના બહેનો તથા કોલેજમાં અભ્યાસ કરતી યુવતીઓ સાથે મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંમેલનમાં આજના સમયમાં મહિલાઓ સાથે થતા શારિરીક, માનસિક, સામાજિક અને શાબ્દિક અત્યાચારો વિશે વાત કરવામાં આવી હતી. આ ઉપરાંત કરચલીયાપરા વિસ્તારના સુ શ્રી ભારતીબેન ડોડિયાનું અભિવાદન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું, ભારતીબેને અત્યંત મહેનત કરી પોતાની પુત્રી કુ. નિકિતા ડોડિયાને શિક્ષણ અપાવ્યું જેના પરિણામે તેમની પુત્રી કુ. નિકિતા ડોડિયા મહિલા પોલીસ સબ-ઇન્સપેક્ટર તરીકે ફરજ બજાવવામાં સક્ષમ બની હતી. આ પ્રસંગે કુ. નિકિતાબેને પણ પોતાના સંઘર્ષની વાત કરી અન્ય બહેનોને પ્રેરણા પુરી પાડી હતી.

- કુંભારવાડા, ખેડૂતવાસ અને કરચલીયાપરાના ચાલી રહેલા લોક સમર્થન મંચના સભ્યો સંગઠનનું મહત્વ અને કામગીરી સમજી પોતાના સંગઠનમાં તેનું અમલીકરણ કરે તે હતુથી તારીખ ૧૧ ફેબ્રુઆરીના રોજ લોક સમર્થન મંચના કુલ ૫૪ સભ્યોને ધોલેરા ખાતેની માહિતી સંસ્થાની મુલાકાતે લઇ જવામાં આવ્યા હતા. લોક સમર્થન મંચના પ્રેરણા પ્રવાસમાં સભ્યોને ધોલેરાની આજુબાજુના ગામના લોકોનું સંગઠન અને મહિલા બચતબેંકની કામગીરીની સમજણ આપવામાં આવી હતી જેનું અમલીકરણ સભ્યો પોતાના વિસ્તારમાં કરી પોતાના સંગઠનને વધુ મજબુત બનાવી શકે.

- ભાવનગર શહેરના બાળમજૂરીમાં જોડાયેલા બાળકો બાળમજૂરીથી થતા નુકસાન તથા શિક્ષણના મહત્વને સમજે તે હેતુથી કુલ ૧૩૦ બાળમજૂર બાળકો સાથે નિવાસીય તાલીમ શિખરના આયોજન કરવામાં આવ્યા હતા. તાલીમમાં બાળકો પાસે તેમના જીવનના સંઘર્ષ વિષે, ભાવી સ્વપ્નો, શાળા છોડવાનું કારણ વગેરે જાણી જીવન ઘડતર માટે શિક્ષણના મહત્વની વાતો પ્રવૃતિઓ અને રમતો દ્વારા સમજાવવામાં આવી હતી, પરિણામે બાલકો શાળામાં દાખલ થવા તૈયાર થયા હતા. આમ મજૂરી સરતા બાળકો સાથે સમયાંતરે વિશેષ શિબિરો યોજવામાં આવી રહી છે.

## આંકડાકીય માહિતી :

| | | | |
|---|---|---|---|
| શાળા પ્રવેશ - કુલ | ૧૭૮૩ | | |
| આંગણવાડી પ્રવેશ | ૬૫૭ | | |
| ફળિયા મીટીંગ | ૧૮૪ | સભ્યોની હાજરી | ૩૧૯૫ |
| એરીયા કમિટી તથા વોર્ડ કમિટી મીટીંગ | ૩૩ | સભ્યોની હાજરી | ૮૬૮ |
| લોક સમર્થન મંચ મીટીંગ | ૬૭ | સભ્યોની હાજરી | ૧૭૬૨ |
| લોક સમર્થન મંચ સંમેલન | ૧ | હાજર સભ્યો | ૨૨૭ |
| આંગણવાડી કાર્યકર તાલીમ | ૨ | આંગણવાડી કાર્યકર | ૨૦૯ |
| શાળા વ્યવસ્થાપન સમિતિ સભ્યો તથા શિક્ષક મીટીંગ | ૯ | હાજર સંખ્યા | ૧૬૧ |
| મહિલા સંમેલન | ૧ | હાજર સંખ્યા | ૯૫ |
| વિવિધ પત્રિકા વિતરણ | | | ૧૨૬૯૦ |








# તરૂણસેના

શૈશવ દ્વારા શરૂઆતથી જ બાળકો સાથે કામ કરતા-કરતા બાળકોની સહભાગિતાને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. બાળકોની સહભાગિતાના કારણે તેઓ જાતે વિચારતા થાય, નિર્ણય લેતા થાય, પરિપક્વતા, જવાબદારી અને નેતૃત્વ તરફ અગ્રેસર થાય તેવા મૂલ્યોનું સતત સંવર્ધન કરવામાં આવી રહ્યું છે. એકતા અને સમાનતાના મૂલ્યો પર રચાયેલી બાલસેનામાં બાળકોએ બનાવેલા નિયમોના આધારે ૧૮ વર્ષે નિવૃત થવું પડે એટલે નિવૃત થયેલા તરૂણોએ 'તરૂણસેના' શરૂ કરી ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે.

તરૂણસેના ધીમી પણ મક્કમ ગતિ સાથે વિકસી રહી છે. તરૂણસેનામાં જોડાયેલા તરૂણો કોલેજ શિક્ષણની સાથોસાથ સમાજસેવામાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. આ તરૂણસેનાના કેટલાક તરૂણો સંસ્થામાં કાર્યકર તરીકે જોડાઇ ઉત્તમ સેવાઓ પુરી પાડી રહ્યા છે.

આ તરૂણસેનામાં જુદી-જુદી કોલેજોના વિદ્યાર્થી ભાઇ-બહેનો પણ હવે જોડાઇને પોતાના સ્વ વિકાસ, ઘડતરની સાથોસાથ સમાજપયોગી કાર્યોમાં યોગદાન આપી રહયાં છે. આમ તરૂણસેના વિસ્તરી રહી છે.

અગાઉ બાલસેના અને પછી તરૂણસેના સાથે જોડાઇ પોતાના વિકાસની સાથોસાથ બીજા બાળકોની ઉન્નતિમાં યોગદાન આપતી રીના અને નિરાલીએ સ્નાતક થયા પછી અનુસ્નાતક કક્ષાએ આગળ અભ્યાસ ચાલુ રાખી ઉતમ ઉદાહરણ ઉભું કર્યું છે. આજે સમાજમાં દિકરીઓને આગળ વધવામાં - ભણવામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, ત્યારે પરંપરાગત અને રૂઢિચુસ્ત કુટુંબમાં ઉછરેલી રીના અને નિરાલીએ બાળપણથી નવા વિચારો અને મૂલ્યોને આત્મસાત કરી અનેક સંઘર્ષો વચ્ચેથી પણ આગળ ભણવા માટે મક્કમ રહી પોતાનો રસ્તો પોતે કંડારી અન્યો માટે ઉદાહરણ પૂરૂ પાડયું છે. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે પત્રકારત્વના અભ્યાસક્રમમાં રીના જોડાઇ છે તો સાયન્સમાં ગ્રેજયુએશન કરી નિરાલી પણ ગુજરાત વિદ્યાપીઠમાં માસ્ટર ઓફ સોશ્યલ વર્કના અભ્યાસમાં જોડાઇ છે !

તરૂણસેનાના સભ્યો સંસ્થાના કાર્યકરો સાથે ખભેખભા મિલાવી કાર્યમાં મદદરૂપ થઇ રહ્યા છે. બાલસેનાના વિસ્તારના કાર્યો તેઓ જ કરતા થઇ ગયા છે. તો વળી શૈશવ દ્વારા કુંભારવાડા વિસ્તારમાં કાર્યરત એરીયા રિસોર્સ સેન્ટરનું સંચાલન હોય, કે બાલસેનાના બાળકોની બચતબેંક હોય. તરૂણસેના જવાબદારી પૂર્વક સફળરીતે સ્વતંત્ર પણે તેનું સંચાલન કરી રહી છે. આ ઉપરાંત તેઓની માટે યોજાતા નેતૃત્વ તાલીમ શિબિરો અને અન્ય કાર્યક્રમો તરૂણસેના સભ્યો માટે સ્વચાલક બળ, આત્મવિશ્વાસ, સંગઠનની ભાવના વધારવામાં, એકમેક પ્રત્યેનો વિશ્વાસ-સમજણ વધારવામાં ઉપયોગી થયા છે.

**તાલીમ કાર્યક્રમ**

૨૦ થી ૨૫ મે દરમ્યાન તરૂણસેનાના તરૂણો માટે તાલીમનો વિશેષ શિબિર યોજવામાં આવ્યો હતો. આ શિબિરમાં સ્વવિકાસ, સમાજ અને વિકાસ તેમજ પ્રશ્નો-પડકારો, માનવ અધિકાર, કારકીર્દી વિકાસ જેવા વિવિધ મુદદાઓ માટે અનેક

પ્રવૃતિઓના માધ્યમથી તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં શૈશવમાંથી પારૂલબહેન-ફાલ્ગુનભાઇ ઉપરાંત શ્રી અરવિંદભાઇ ત્રિવેદી, શ્રી ધીરેનભાઇ વૈષ્ણવ, શ્રી અરૂણભાઇ મહેતા, શ્રી દક્ષાબહેન પટ્ટણી, શ્રી બિપીનભાઇ શાહ વિગેરેએ તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

- ૮ જુનના રોજ ૩૦ તરૂણોએ ભાવનગરના વિકટોરીયા પાર્કની મુલાકાત લઇ વૃક્ષોનો પરિચય, વૃક્ષોનું મહત્વ તથા પ્રકૃતિ જાળવણીની ભૂમિકા અંગે માહિતી મેળવી હતી. આ માટે બાલદોસ્ત અને ભાવનગરમાં પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત શિક્ષક શ્રી રાજેશભાઇ ત્રિવેદીએ સેવાઓ આપી હતી.

- ૧૫ જુનના રોજ 'ઇકબાલ' ફિલ્મ નિહાળી સંઘર્ષ અને પડકારોની વચ્ચે આગળ કેવી રીતે વધી શકાય તે અંગે ચર્ચા કરી હતી.

- જુલાઇ અને ઓગસ્ટ માસ દરમ્યાન તરૂણસેનાના કુલ ૨૫ સભ્યો સાથે નિર્ણય શક્તિ, જેન્ડર સેન્સીટાઇઝેશન તથા બાળ અધિકાર જેવી વિવિધ તાલીમો કરવામાં આવી હતી .

- તારીખ ૧૨ જુલાઇના રોજ તરૂણસેનાના ૧૩ સભ્યો દ્વારા ભાવનગર બ્લડબેંકની મુલાકાત લઇ તેની કામગીરી વિશે માહિતી મેળવી હતી.

- તારીખ ૧૫ ઓગસ્ટે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અનોખી રીતે કરતા તરૂણસેનાના સભ્યો દ્વારા કુંભારવાડામ બાળમેળાનું






આયોજન કરવામાં આવ્યું હતું. કુંભારવાડા વિસ્તારના લગભગ ૩૭ જેટલા બાળકોને ભેગા કરી તેમની સાથે સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે વાત કરી તેમના પોસ્ટર્સ અને ચિત્રોથી બાળકોને પરિચીત કર્યા હતા. ઉપરાંત બાળકો પાસે ચિત્રો પણ દોરાવ્યા હતા. આમ, વંચિત બાળકો સાથે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી તરૂણસેનાના સંભ્યો દ્વારા આ દિવસના મહત્વને સાર્થક કર્યું.

**તાપીબાઇ વિકાસગૃહની બાળકી સાથે દીવાળીની ઉજવણી**

તારીખ ૨૧થી ૨૩ ઓક્ટોબરના દિવાળીના દિવસો દરમ્યાન તાપીબાઇ વિકાસગૃહની બાળકીઓ સાથે તરૂણસેના ના સભ્યો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ત્રણ દિવસ દરમ્યાન તરૂણસેનાના ૫ અને બાલસેનાના ૩ સભ્યો દ્વારા બાળકીઓ સાથે દિવાળીકાર્ડ, રંગોળી, કોડિયા શણગારવા જેવી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી. આમ, તરૂણસેના દ્વારા તાપીબાઇ વિકાસ ગૃહની કાળજી અને જરૂરિયાત વાળી બાળકીઓ સાથે દિવાળીની ઉજવણી કરી તેમના ચહેરા પર આનંદ લાવવાનો એક નાનકડો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**શહીદદિનની અનોખી ઉજવણી**

તારીખ ૨૩ માર્ચના રોજ શહીદદિન નિમિતે અનોખી ઉજવણી કરતા તરૂણસેનાના કુલ **૧૩** સભ્યો દ્વારા શહીદદિનના આગામી દિવસે તાપીબાઇ વિકાસ ગૃહની **૫૨** બાળકીઓ સાથે દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓ પર લેખન, ગીત જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમની સાથે મીણબત્તી પ્રગટાવી શહીદોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

- આ ઉપરાંત શહેરના રૂપમ ચોક ખાતે આવેલ શહીદ ભગતસિંહના સ્ટેચ્યુને સુતરની આંટી અર્પણ કરી દેશ માટે શહીદ થનાર શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરી, શહીદોના ત્યાગ અને બલિદાનની ભાવના પોતાના જીવનમાં પ્રેરણારૂપ સાબિત થાય તે માટે પ્રતિબધ્ધ થયા હતા.

**વિવિધ નેટવર્કિંગ અને તાલીમ કાર્યક્રમોમાં તરૂણસેનાનું પ્રતિનિધિત્વ**

સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લાઓમાં કાર્યરત પોલીસ સ્ટુડન્ટ કેડેટ કાર્યક્રમ અંતર્ગત વેકેશન શિબિરમાં ૬ થી ૧૧ મે દરમ્યાન ૧૨૪૮ બાળકોને બાળમૈત્રીપૂર્ણ રમતોના માધ્યમથી સહજીવનની તાલીમ આપવાના કાર્યમાં શૈશવના કાર્યકરો સાથે તરૂણસેનામાંથી દિપક, સંજય અને કલ્પેશે સેવાઓ આપી હતી.

- ૧૦ અને ૧૧ મે ના રોજ ભરૂચ જિલ્લાની સેવા-રૂરલ સંસ્થામાં આયોજિત યુવા તાલીમ માટેના ‘નિર્માણ’ કાર્યક્રમને જાણવા-સમજવા તરૂણસેનામાંથી દક્ષા, વિપુલ, દિપક, સંજય અને કલ્પેશ જોડાયા હતાં. વર્ધા મહારાષ્ટ્રમાં કાર્યરત ડો. અભય બંગના પુત્ર અમૃત બંગ દ્વારા યુવાનો સામાજિક ઉતરદાયિત્વ નિભાવતા થાય તે માટે ‘નિર્માણ’ કાર્યક્રમ ચલાવી રહયા છે, તે કાર્યક્રમ ગુજરાતમાં શરૂ થઇ શકે તે અંગેની ચર્ચા માટે સેવા-રૂરલમાં કેટલીક સંસ્થાના પ્રતિનિધિઓ મળ્યા હતા.

- તારીખ ૭ થી ૯ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ શિશુવિહાર ખાતે બાળમેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ બાળમેળામાં ભાવનગર તથા ગુજરાતની અન્ય સંસ્થાઓએ બાળકો સાથેની વિવિધ પ્રવૃતિઓ કરાવી હતી. ભાવનગરની સંસ્થાઓમાં શૈશવ સંસ્થાના ૩ કાર્યકરો સાથે તરૂણસેનાના બે સભ્યો જોડાયા હતા અને બાળકોને બાળઅધિકારની વિવિધ રમતો રમાડી હતી.

• તારીખ ૧૫ ફેબ્રુઆરીના રોજ વડોદરા ખાતે 'સહિયર' સંસ્થામાં યુવા નેતૃત્વ શિબિરમાં તરૂણસેના સભ્ય દ્રષ્ટિબેન ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત શૈશવના કાર્યકરોની યોજાતી તાલીમોમાં પણ તેઓ સહભાગી થઈને બાળ અધિકાર, જીવન કૌશલ્યો, શિક્ષણનો અધિકાર, પર્યાવરણ, સર્જનાત્મક પ્રવૃતીઓ જેવી તાલીમોમાં તેઓ સહભાગી થયા હતા.

**યુવા ઘડતર કાર્યક્રમ**

સામાજિક કાર્યમાં કારકીર્દી કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ તથા અન્યક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સમાજ અને વિકાસના પડકારો, આંતરરાષ્ટ્રીય પ્રવાહો, રાજકીય ઈચ્છા શક્તિ, વૈશ્વિક પરિસ્થીતીની માહિતી અને જ્ઞાન મેળવે, આકલન કરે સાથો સાથ વ્યક્તિગત રીતે પોતાની સંવેદનાઓને સંકોરે- સ્વવિકાસ અને જીવન કૌશલ્યો માટે જીવન ઘડતરનું અનુભવ ભાથું મેળવે, સજ્જતા કેળવે તે માટે સપ્ટેમ્બર માસ દરમ્યાન તરૂણસેના દ્વારા 'સૌની નિસ્બત' દ્વિ-સ્તરીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત સપ્ટેમ્બર મહિનાના દર શનિવારે શહેરના વિવિધક્ષેત્રોના નિષ્ણાંતોની સાથે વિદ્યાર્થીઓ તથા તરૂણસેનાના સભ્યોનો સીધો વાર્તાલાપ કરાવવામાં આવ્યો હતો. નિષ્ણાંતોના બહોળા અનુભવ અને દ્રષ્ટિકોણના આધારે તરૂણો પોતાનો વિકાસ કરી શકે તે હેતુથી સભ્યો દ્વારા દર રવિવારે એક્શન પ્લાન તૈયાર કરી સીધા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

યુવા ઘડતર કાર્યક્રમના ભાગરૂપે તારીખ ૬ સપ્ટેમ્બરના રોજ ગુજરાતમાં પર્યાવરણ મુદ્દે વર્ષોથી કાર્યશીલ તેવા તુષારભાઈ પંચોળી એ તરૂણો સાથે પર્યાવરણ પ્રત્યે યુવાનોનો અભિગમ વિષય પર ચર્ચા-વિચારણા કરી જેના ભાગરૂપે તરૂણસેનાના સંભ્યો દ્વારા બીજે દિવસે સંસ્થાની આસપાસના વિસ્તારનો નકશો તૈયાર કરી તેને ગંદકી મુક્ત કરવાનું કાર્ય હાથ ધર્યું હતું.

તારીખ ૧૩ સપ્ટેમ્બરના રોજ ખ્યાતનામ લેખક અને ચિંતક એવા સુભાષભાઈ ભટ્ટ દ્વારા તરૂણો સાથે ખોજઃ અંદર અને બહારની વિષયના આધારે સ્વવિકાસની વાત કરવામાં આવી હતી. તેવી જ રીતે સર્જનાત્મકતાની ખોજ વિષય પર જાણીતા મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અરવિંદભાઈ ત્રિવેદી દ્વારા તારીખ ૨૦ સપ્ટેમ્બરના રોજ તરૂણો સાથે વાર્તલાપ કરવામાં આવ્યો હતો.

**સિહોરના ડુંગરાઓમાં ટ્રેકિંગની સાથે ગ્રામ દક્ષિણામૂર્તિની મુલાકાત**

તારીખ ૨૭ અને ૨૮ સપ્ટેમ્બર દરમ્યાન તરૂણસેનાના ૨૬ સભ્યો દ્વારા સિહોર નજીક ગૌતમેશ્વર તથા આંબલાની આજુબાજુના ડુંગરોમાં ટ્રેકિંગ તથા આંબલા ખાતે ઉત્તરબુનીયાદી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત ગ્રામ દક્ષિણામૂર્તિ સંસ્થાની મુલાકાત લીધી હતી. બે દિવસ અને એક રાતના આ કેમ્પમાં તરૂણસેનાના સભ્યોએ ગ્રામ દક્ષિણામૂર્તિમાં કાર્યરત શ્રી મેહુલભાઈ તથા શ્રી અશોકભાઈ ડાભીની મદદથી પહાડોના કુદરતી સૌંદર્યની સાથે સાથે ડુંગરાળ વિસ્તારમાં ઉગતી વિવિધવનસ્પતિઓ તથા ઔષધિઓનો પણ પરિચય મેળવ્યો હતો. તારીખ ૨૭ સપ્ટેમ્બરના રોજ ગ્રામ દક્ષિણામૂર્તિ,



આંબલામાં રાત્રી રોકાણ દરમ્યાન તરૂણસેનાન સભ્યોએ ગ્રામ દક્ષિણામૂર્તિ સંસ્થાના પરિચયની સાથે સાથે ત્યાંની કામગીરી વિશે જાણકારી મેળવી અને શૈશવ સંસ્થા તથા તરૂણસેનાનો પણ પરિચય વિદ્યાર્થીઓને આપ્યો હતો.

**બાળમજૂરી અને વ્યસનના વિરોધમાં સહીઝુંબેશ**

ભાવનગર શહેરના નાગરિકોમાં બાળ અધિકાર અંગે જાગૃતિ આવે અને બાળકો પાસે મજૂરી ન કરાવવાની સમજણ જાગે ઉપરાંત જાતે પણ વ્યસન મુક્તિને પ્રોત્સાહન આપે તે હેતુથી તારીખ ૧૫ ફેબ્રુઆરીના રોજ તરૂણસેનાના સભ્યો દ્વારા વિક્ટોરીયા પાર્કની મુલાકાત લઇ ત્યાં ઉપસ્થિત ભાવનગર શહેરના રહીશો ને મળી બાળકો પાસે મજૂરી ન કરાવવા તથા જાતે ક્યારેય વ્યસન ન કરવાના સંકલ્પ પર તેમની સહી લઇ બાળમજૂરી અને વ્યસનના વિરોધમાં સહીઝુંબેશ હાથ ધરી હતી.




**લીડરશીપ કેમ્પ તથા વાર્ષિકોત્સવની ઉજવણી**

તરૂણસેનાના સભ્યોમાં સ્વવિકાસ થી સમાજ વિકાસ સુધીની ભાવના ઉત્પન્ન થાય તથા સ્વાવલંબન તરફ પ્રયાણ કરે તે હેતુથી તારીખ ૨૫ થી ૨૭ જાન્યુઆરીના રોજ તરૂણસેનાના કુલ ૧૯ સભ્યો સાથે મણાર ખાતે લીડરશીપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મણાર ખાતે યોજાયેલા આ લીડરશીપ કેમ્પમાં પારૂલબેન તથા ફાલ્ગુનભાઇ દ્વાર તરૂણસેનાના સભ્યો સાથે સ્વવિકાસના મુદ્દે વિવિધ પ્રવૃતિઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી.

તારીખ ૨૮ જાન્યુઆરીના રોજ તરૂણસેનાના કુલ ૨૧ સભ્યો તથા બાલસેનાના કુલ ૧૬ સીનીયર સભ્યો સાથે તરૂણસેનાના વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. વાર્ષિકોત્સવમાં

મુખ્ય મહેમાન તરીકે શહેરના જાણીતા ચિંતક અને શ્રી સુભાષભાઇ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા જેઓએ તરૂણસેનાના સભ્યો સાથે સ્વવિકાસ થી સામાજિક વિકાસના મુદ્દે વાર્તાલાપ કર્યો હતો.

**તરૂણસેનાનું ગૌરવ**
શૈશવ પ્રેરિત તરૂણસેનાના સભ્ય વિપુલભાઇના નામની યુ.કે.સ્થિત ક્વીન એલીઝાબેથ ડાયમંડ જ્યુબીલી ટ્રસ્ટ ઉપક્રમે ક્વીન્સ યંગ લીડર એવોર્ડ માટે ભલામણ થઈ હતી. વિશ્વભરમાંથી આવેલ લગભગ એકાદ હજાર નામાંકનો માંથી વિપુલનું નામ શોર્ટલીસ્ટ થયા પછી, ટ્રસ્ટ દ્વારા વિશ્વપ્રસિધ્ધ રોયલ કોમનવેલ્થ સોસાયટીના એસોસીએટ ફેલો તરીકે પસંદગી થઇ હતી. આમ, સમગ્ર ગુજરાત, ભાવનગર અને શૈશવ-તરૂણસેનાનું ગૌરવ વધાર્યુ હતું. હાલમાં વિપુલ પોતાના એમ.એસ.સી આઇ.ટી ના અભ્યાસની સાથો સાથ શૈશવ પ્રરિત તરૂણસેનાના કાર્યભાર સંભાળવા ઉપરાંત કુંભારવાડામાં બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ તથા લોકોને સરકારી યોજનાઓ-સેવાઓની માહિતી મળે તે માટે કેન્દ્ર સંભાળે છે.

**એરીયા રીસોર્સ સેન્ટર**
વિસ્તારના લોકોને સરકારી સેવાઓ અને યોજનાઓની માહિતી મળે તેમજ માર્ગદર્શન મળે તે માટે કુંભારવાડામાં એરીયા રીસોર્સ સેન્ટર કાર્યરત છે. આ ઉપરાંત વિસ્તારના બાળકોને ઘરઆંગણે કોમ્પ્યુટર શિક્ષણ અને પુસ્તકાલયનો લાભ મળે તે માટે કોમ્પ્યુટર સેન્ટર કાર્યરત છે. શૈશવ દ્વારા વિસ્તારમાં ચલાવવામાં આવતા એરીયા રીસોર્સ સેન્ટરનું સંપુર્ણ તરૂણસેનાના સક્રિય સભ્યો વિપુલ, ભાર્ગવ અને ગૌતમ દ્વારા સંપૂર્ણ સંચાલન કરવામાં આવી રહ્યું છે, વિસ્તારના લોકોને જન્મતારીખ દાખલા, બેંકના ફોર્મ, શિષ્યવૃતિ ફોર્મ, રેશન કાર્ડ, કમ્પ્યુટર માહિતી, બાળકના આગળ અભ્યાસ બાબત તથા અન્ય યોજનાઓ અંગે ફોર્મ કેવી રીતે ભરવા, સરકારમાં કોની પાસે ક્યા વિભાગમાં જવું જેવી વિવિધ બાબતોના માર્ગદર્શન માટે લગભગ ૪૬૮ વ્યક્તિઓએ લાભ લીધો હતો.

વર્ષ દરમ્યાન એરીયા રીસોર્સ સેન્ટર ખાતે ચાલી રહેલા કોમ્પ્યુટર શિક્ષણના વર્ગોમાં ૨૦૫ બાળકો જોડાયા હતા જેમાંથી ૧૭૦ બાળકોએ સંપૂર્ણ કોમ્પ્યુટર શિક્ષણ મેળવ્યું હતું જ્યારે બાકીના ૩૫ બાળકો હાલમાં આ શિક્ષણ મેળવી રહ્યા છે. આ ઉપરાંત કુંભારવાડા ખાતે કાર્યરત શૈશવ પ્રેરિત બાલસેનાના બાળકો દ્વારા પણ વર્ષ દરમ્યાન અવાર-નવાર એરિયા રીસોર્સ સેન્ટરની કામગીરી સમજવા તથા કોમ્પ્યુટર અંગે જાણકારી મેળવવા મુલાકાત લેવામાં આવતી હોય છે. આ વર્ષે કુલ ૧૮૭ બાળકોએ એરિયા રીસોર્સ સેન્ટરની સેવાઓની માહિતી મેળવી હતી.

**કોમ્પ્યુટર મેળો**
વિસ્તારના લોકો તથા બાળકો કોમ્પ્યુટરનું મહત્વ સમજે અને તેનું શિક્ષણ મેળવવામાં વધુ રસ દાખવે તે હેતુથી એરિયા રીસોર્સ ખાતે કોમ્પ્યુટર મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં તેઓને કોમ્પ્યુટરના વિવિધ ભાગો, તેની કામગીરી વગેરે વિષે પોસ્ટર દ્વારા પ્રેઝન્ટેશન તથા ફિલ્મ શો દ્વારા માહિતિ આપવામાં આવી હતી. કુંભારવાડા વિસ્તારના કુલ ૩૫૦ જેટલા બાળકો, યુવાનો તથા વાલીઓએ આ મેળામાં સહભાગિ થઇ કોમ્પ્યુટરની કામગીરી અંગે માહિતી મેળવી હતી.

### વિશેષ કાર્યક્રમો

એરીયા રીસોર્સ સેન્ટર ખાતે કોમ્પ્યુટર શિક્ષણ તથા સરકારી માહિતિ ઉપરાંત બાળકોમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી કેટલાક વિશેષ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. માત્ર કોમ્પ્યુટર ક્લાસમાં જ આવતા બાળકો નહીં પણ એરીયા રીસોર્સની આસપાસના દરેક બાળકો સેન્ટર પર આવતા થાય તે માટે દર રવિવારે ફિલ્મ શો, બાળગીત, કાગળકામ, માનવશરીર ઓપરેશન, શૈક્ષણીક મુલાકાત, પ્રદર્શન, પ્રોજેક્ટ વર્ક, વેસ્ટ માંથી બેસ્ટ જેવી વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત બાળકો સાથે નવરાત્રી, રક્ષાબંધન તથા દિવાળી જેવા વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવી હતી. વર્ષ દરમ્યાન દર રવિવારે કરવામાં આવતા આ વિશેષ કાર્યક્રમમાં કુલ ૧૧૨૭ બાળકો સહભાગિ થયા હતા.



### આંકડાકીય માહિતી :

| ક્રમ | પ્રવૃતિઓ | પ્રવૃતિઓની સંખ્યા | ભાગલેનારની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | તરૂણસેનાના સભ્યો માટે આયોજિત તાલીમ | ૧૦+ | ૮૯ |
| ૨ | લીડર શીપ કેમ્પ | ૨ | ૪૫ |
| ૩ | તરૂણસેના દ્વારા બાળકોને કોમ્યૂટર તાલીમ | -- | ૨૪૦ |
| ૪ | તરૂણસેના સંચાલિત કોમ્યૂટર મેળો | ૧ | ૩૫૦ |
| ૫ | તરૂણસેના દ્વારા એરીયા રીસોર્શ કેમ્પ ખાતે બાળકોની તાલીમ | ૧૨ | ૧૧૨૭ |
| ૬ | તરૂણસેના દ્વારા બાલસેનાના બાળકો માટે વિસ્તારોની જવાબદારી સંભાળી પ્રવૃતિ કરવામાં આવે છે. | -- | -- |



# ચાઇલ્ડ હેલ્પ લાઇન - ૧૦૯૮

મુશ્કેલીમાં મુકાયેલા બાળકોની સહાયતા માટે ૧૩ નવેમ્બર ૨૦૧૩માં શરૂ કરવામાં આવેલી ચાઇલ્ડ હેલ્પલાઇનનું કામ ધીરે ધીરે વિસ્તરતું રહ્યું છે. લોકોમાં ચાઇલ્ડ હેલ્પલાઇન અંગે જાગૃતિ આવતા તેનો યોગ્ય અને સમયસર ઉપયોગ કરતા પણ થયા છે. સહાયતા માટે આવતા ફોનકોલે અમને આ સેવાની અનિવાર્યતા અંગે વિશેષ સભાન કર્યા છે. જેને લઇ અમે કોલ આવે ને ટીમ બાળકની મદદમાં પહોંચી તો જાય એ ઉપરાંત બાળકોને સલામતી મળી રહે તેમજ મુશ્કલીઓ ઉભી થાય તે પૂર્વે જ તેની કાર્યવાહિ થઇ જાય તેવા અભિગમથી ગત વર્ષથી પ્રીવેન્ટીવ કાર્ય પણ શરૂ કરવામાં આવ્યું હતું જે આ વર્ષે વધુ અસરકારક પુરવાર થઇ રહ્યું છે.

ચાઇલ્ડ હેલ્પલાઇનની માહિતી શહેરના તમામ લોકો સુધી પહોંચે અને તેમનામાં જાગૃતિ આવે તે હેતુથી ચાઇલ્ડલાઇન દ્વારા ઘરે ઘરે પ્રચાર પ્રસાર, ફળિયા મીટીંગો, બાળકોના જૂથો સાથે ચર્ચા કરી પ્રશ્નોને ઓળખવા- સમજી તેનું યોગ્ય નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ભાવનગર શહેરની દરેક શાળાઓની મુલાકાત લઇ બાળકોની સાથે વાર્તાલાપ કરી તેમને પણ ચાઇલ્ડ હેલ્પલાઇનની કામગીરીથી પરિચિત કરવામાં આવી રહ્યા છે.

સરકારના વિવિધ વિભાગો જેવા કે પોલીસ, લેબર વિભાગ, સમાજસુરક્ષા, બાળસુરક્ષા એકમ, શિક્ષણ તેમજ ચિલ્ડ્રન હોમ કે બાળ સંરક્ષણની વ્યવસ્થાઓ પૂરી પાડતી સંસ્થાઓ સાથે સંકલન દ્વારા મુશ્કેલીમાં મુકાયેલા બાળકોને સેવાઓ પુરી પાડવાના પ્રયત્ન કરવામાં આવે છે.

**ચાઇલ્ડ સેફ્ટીનેટ**

ભાવનગર ચાઇલ્ડલાઇન દ્વારા ગત વર્ષે ચાઇલ્ડ સેફ્ટી નેટ એક એવી નવીન નૂતન પહેલ કરવામાં આવી હતી જે અંતર્ગત બાળક મુશ્કેલીમાં મુકાય તે પહેલા જ તેની મદદે કોઇ પહોંચી જાય અથવા બાળકને પોતાની સૌથી નજીક આ સેવા કયાં મળે છે તેની જાણકારી હોય તો મુશ્કેલી આવે તે પહેલાં જ તેનો બચાવ થઇ શકે છે. આ વાત ને ઘ્યાનમાં રાખી બાળકોના હિતોની કાળજી લેવામાં રસ ધરાવતા સ્વયંસેવકોનું વિશાળ સંગઠન શરૂ કરવામાં આવી રહ્યું છે.

શહેરના તમામ મુખ્ય રસ્તાઓ, જાહેર સ્થળો, શાળાઓ તેમજ નાના રસ્તાઓ-ગલીઓ વિગેરેની નજીકમાં રહેતા નાગરિકો, દુકાનદારો, શાકભાજી વેચનારા, રીક્ષા ડ્રાઇવર્સ, શિક્ષકો તથા અનેક વિધ વ્યવસાયમાં કાર્યરત એવા લોકોનું સ્વયંસેવક જુથ બનાવવવામાં આવી રહ્યું છે કે જેઓ રસ્તા પર જતા - આવતા બાળકો પર પોતાના રોજ બરોજના કાર્યો દરમ્યાન નજર રાખી શકે છે. આ સ્વયંસેવકોની તકેદારીપૂર્ણ દ્રષ્ટિ બાળક સાથે કંઇ અઘટિત બને એ પહેલાં, મુંઝાયેલા - તણાવગ્રસ્ત બાળકને ઓળખી લે અને તેની મદદે પ્રથમ પહોંચી ચાઇલ્ડ લાઇનને જાણ કરે અને બાળકની મદદે ત્વરિત પહોંચી જાય. બાળકનું કાઉન્સેલીંગ થાય, બાળક રહેતું હોય તેની આસપાસના પ્રભાવી લોકોના સહયોગ વડે તેનું યોગ્ય રીતે કુટુંબમાં પુનઃસ્થાપન સારી રીતે થઇ શકે. આ વિચાર બાળકો માટે બાળમૈત્રીપૂર્ણ એવું સલામત વાતાવરણ ઉભુ કરવાની દિશા તરફ નૂતન કદમ બની રહી છે.

આ વાત-વિચારને વધુ લોકો સુધી પહોંચાડી સ્વયંસેવકો તરીકે






નાગરિકો આગળ આવે તે માટેનો પ્રયાસ ખુબ જ અસરકારક સાબિત થઈ રહ્યો છે. લોકોમાં બાળકોની સુરક્ષા અંગે જાગૃતિ આવતા તેઓ વધુ સંવેદનશીલ બની સમયાંત્તરે ચાઈલ્ડ હેલ્પલાઈનને મદદરૂપ બની રહ્યા છે. આમ, આ અંગેના અનુભવો ખુબ જ પ્રોત્સાહક રહ્યા છે. હાલમાં લગભગ ૧૫૦૦ ઉપરાંત લોકો સ્વયંસેવક તરીકે જોડાયા છે જેમની સાથે સમયાંતરે મીટીંગો પણ યોજવામાં આવી રહી છે.

### ચાઈલ્ડલાઈન સલાહકાર સમિતિ

સરકારી વિભાગો તેમજ સામાજિક સંસ્થાઓના સહિયારા પ્રયત્નોથી બાળકોના પ્રશ્નોનો ઉકેલ લાવી શકાય અને દરેક લોકો એક મંચ પર આવી એકબીજાને સહકાર આપે તે હેતુથી ભાવનગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને ચાઈલ્ડલાઈન સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે. વર્ષ દરમ્યાન તારીખ ૩ નવેમ્બર ૨૦૧૪ તથા તારીખ ૫ ફેબ્રુઆરી ૨૦૧૫ ના રોજ ભાવનગર જિલ્લા ચાઈલ્ડલાઈન સલાહકાર સમિતિની મીટીંગો યોજવામાં આવી હતી. આ મીટીંગ ભાવનગર જિલ્લા કલેક્ટર શ્રી પી.કે, સોલંકી સાહેબના અધ્યક્ષ પદે યોજવામાં આવી હતી જેમાં જિલ્લા સ્તરના જુદા જુદા વિભાગના સરકારી અધિકારીશ્રીઓ તેમજ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થીત રહ્યાં હતા. ઉપસ્થીત પ્રતિનિધિઓ દ્વારા બાળકોને પડતી મુશ્કેલીઓ અને તેના નિવારણ માટે તેમને જરૂરી સહાય મળી રહે તે અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

### પ્રચાર-પ્રસાર, ઓપનહાઉસ અને નાઈટઆઉટ રીચ

ચાઈલ્ડ હેલ્પલાઈનની માહિતી શહેરના વધુ લોકો સુધી પહોંચે

અને તેઓ ચાઈલ્ડ હેલ્પલાઈનની સેવાઓનો ઉપયોગ કરતા થાય તે હેતુથી ચાઈલ્ડહેલ્પલાઈનના કાર્યકરો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સતત આઉટરીચ કરવામાં આવી રહી છે આ ઉપરાંત રાત્રીના ૧૦ થી ૨ વાગ્યાના સમયગાળા દરમ્યાન સભ્યો શહેરના વિવિધ વિસ્તારોમાં નાઈટઆઉટ રીચ કરી બાળકોને પડતી સમસ્યાનું સમાધાન લાવવાનો પણ પ્રયાસ કરે છે.

ચાઈલ્ડલાઈન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં અલગ અલગ વિષયોને ધ્યાનમાં રાખી બાળકો સાથે ઓપન હાઉસ કરવામાં આવે છે. મહિનામાં એક વાર કોઈપણ વિસ્તારના બાળકો ભેગા કરી બાળકોને ચાઈલ્ડલાઈનની માહિતી ઉપરાંત નક્કી કરેલા વિષયને લગતી વાતો કરવામાં આવે છે જેના આધારે બાળકો તેમને પડતી મુશ્કલીઓ અને તેમના પ્રશ્નો ચાઈલ્ડલાઈનને જણાવે છે. વર્ષ દરમ્યાન યોજાયેલા ૧૨ ઓપન હાઉસમાં બાળકો દ્વારા જ તેમને પડતી મુશ્કલીઓ અને પડકારો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં વ્યસન, શિક્ષણની ગુણવત્તા, બાળમજૂરી, યાદશક્તિનો અભાવ, અનાથ અને સિંગલ પેરેન્ટ બાળકો, શાળામાં થતી સજાઓ જેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે.




## સહાય માટે આવેલા ફોનકોલ

આ સમયગાળા દરમ્યાન ચાઈલ્ડલાઈનમાં મેડિકલ સહાય, શોષણ સામે રક્ષણ, સ્પોન્સરશીપ, આશ્રય, ગુમ થયેલા બાળકોને શોધવા માટેની સહાય, બાળકોના માતા-પિતાને શોધવા માટે કુલ ૩૧૩ જેટલા ફોનકોલ આવ્યા હતા જેનું સમયાંત્તરે વારંવાર ફોલોઅપ કરતા જરૂરી મદદ પુરી પાડવાનું કાર્ય ચાઈલ્ડ લાઈને કર્યું છે. આ ઉપરાંત કાઉન્સેલર દ્વારા બાળકોનું સમયાંતરે કાઉન્સેલીંગ કરી તેમના પ્રશ્નો અને મુંઝવણોનું સલાહ અને માર્ગદર્શન દ્વારા નિરાકરણ લાવવામાં આવ્યું છે.



# નૂતન પહેલ

**બાળ સંરક્ષણનીતિ માર્ગદર્શિકા શાળાઓને અર્પણ કાર્યક્રમ**

શાળાઓ, માતા-પિતા કે અન્ય સંસ્થાઓ દ્વારા બાળકો પર થતી હિંસા પર નિયંત્રણ થાય અને સ્વસ્થ બાળ મૈત્રીપૂર્ણ સમાજની રચના થાય તે હેતુથી શૈશવ સંસ્થા દ્વારા બાળ સંરક્ષણ નીતિ-માર્ગદર્શિકા ઘડવામાં આવી છે. આ માર્ગદર્શિકાનો ઉદ્દેશ દરેક શાળાઓમાં બાળકોને ઉત્તમ શિક્ષણની સાથે સાથે સુરક્ષા અને કાળજી દ્વારા બાળ મૈત્રીપૂર્ણ વાતાવરણ પુરૂ પાડવાનો છે. આ સંદર્ભમાં તારીખ ૨ ઓગસ્ટના રોજ શૈશવ દ્વારા બાળ વિકાસ અને બાળ સુરક્ષાના ક્ષેત્રમાં નૂતન પહેલ કરતા ભાવનગર શહેરની સમગ્ર શાળાઓ માટે બાળ સંરક્ષણ નીતિ માર્ગદર્શિકા અર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ભાવનગર જીલ્લા કલેક્ટર શ્રી પી.કે. સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જાણીતા કેળવણીકાર અને લેખક ડો. શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની તથા યુનિસેફ ગુજરાતના મુખ્ય પ્રતિનીધિ સુ. શ્રી જેરુબેન માસ્તર ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત બાળસંરક્ષણ માર્ગદર્શિકા શાળા સુધી પહોંચાડવા સહયોગ પુરો પાડનાર શહેર આચાર્ય સંઘ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ, શાળા સંચાલક મંડળ મહાનગરપાલિકા શિક્ષક સંઘ, જિલ્લા શાળા વહિવટી કર્મચારી સંઘ તથા જિલ્લા બાળસુરક્ષા એકમ જેવી સંસ્થાઓ તથા જિલ્લા શિક્ષણાધિકારી શ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી, શાસનાધિકારી શ્રી તથા સમાજ સુરક્ષા અધિકારી શ્રી જેવા સરકારી અધિકારીઓ પણ ઉપસ્થિત રહયા હતા.

બાળકોની સુરક્ષા અને વિકાસ માટે દેશમાં ઘડાયેલી વિવિધ નીતિઓ અને કાયદાઓ સંદર્ભમાં આ નીતિ દરેક શાળા માટે માર્ગદર્શક સાબિત થઈ રહેશે. બાળ સંરક્ષણ નીતિનો સ્વીકાર કર્યા બાદ દરેક શાળાઓએ પોતાની શાળાઓમાં પોતાની શાળામાં બાળસુરક્ષા સમિતીની રચના કરવાની હોય છે જેમાં સિનીયર શિક્ષક, વાલીઓ, શાળા બહારના પરંતું બાળકો સાથે જોડાયેલા કોઈ વ્યકિત તથા બાળકોની વાત તેમના સુધી પહોંચાડવા માટે શાળાના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓનો સમાવેશ કરવો જરૂરી છે.



આ કાર્યક્રમ બાદ જિલ્લાની તમામ શાળાઓમાં બાળસંરક્ષણ નીતિ માર્ગદર્શિકા પહોંચાડવામાં આવી હતી. આ અનુસંધાનમાં શાળાઓમાં રચાયેલ બાળ સુરક્ષા સમિતિના સભ્યોની તાલીમ યોજવામાં આવી રહી છે. આ માટે વલ્લભીપૂર તાલુકાના કેળવણી અધિકાર સુ. શ્રી મમતાબહેનના વિશેષ પ્રયત્નોને પરિણામે વલ્લભીપુર તાલુકાની તમામ સરકારી શાળાઓમાં બાળ સંરક્ષણ માર્ગદર્શિકાના સ્વીકાર સાથે બાળ સુરક્ષા સમિતિની રચના થઈ ગઈ અને તેના તમામ સભ્યોની તાલીમો પણ ચાર તબક્કામાં યોજી અન્યોને માટે ઉદાહરણ ઉભુ કર્યુ હતું.










## બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

શૈશવના વિવિધ કાર્યક્રમોમાંથી બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રનું કાર્ય સતત વિકસતું - વિસ્તરતું રહયું છે. શૈશવના કાર્યકરોની સજજતા માટે નિયમિત તાલીમો યોજાતી રહે છે, તે જ પ્રમાણે બહારની સંસ્થાઓ - કાર્યકરો અને બાળકો સાથે તાલીમ આપવાનું કાર્ય સવિશેષપણે વિકસતું રહયું છે.

### શૈશવના કાર્યકરોની તાલીમ

સંસ્થાના કાર્યકરોની સજજતા અને ક્ષમતા વર્ધન માટે નિયમિત રીતે વિવિધ તાલીમો યોજવામાં આવતી રહે છે. આ તાલીમ સંસ્થાના જ તજજ્ઞો દ્વારા અથવા બહારથી તજજ્ઞોને આમંત્રીને આપવામાં આવી હતી.

સમગ્ર વર્ષ દરમ્યાન બાળ અધિકાર, બાળકો અંગેના વિવિધ કાર્યક્રમો, બાળમજૂરી, શિક્ષણનો અધિકાર, ફિલ્ડ કમિટી, ડેટાબેઝ રીપોર્ટીંગ, સર્જનાત્મક પ્રવૃતિઓ, શેરી નાટક, કિશોરવસ્થા અને જેન્ડર, બાળમૈત્રી પૂર્ણ વિસ્તારના એકશન પ્લાન, બાળમેલા, બાળ અધિકાર જન જાગૃતિ યાત્રા, બાળમૈત્રી પૂર્ણ વિસ્તાર અને શાળાઓનું સંશોધન તથા જીવન કૌશલ્ય જેવા અનેકવિધ મુદાઓને લઈને તાલીમો યોજવામાં આવી હતી.

### શૈશવ દ્વારા અન્ય સંસ્થાઓને તાલીમ

શૈશવના કાર્યનુભવમાંથી શીખવા મળ્યું છે તેનું આદાન-પ્રદાન થાય અને અનુભવો વહેંચાય તે માટે બાળકો સાથે કાર્યરત સંસ્થાના કાર્યકરો, શિક્ષકો અને બાળકો સાથે શૈશવ દ્વારા નિયમિત તાલીમો આપવાનું કાર્ય થઈ રહયું છે. આ તાલીમ શૈશવના કાર્યકરો ઉપરાંત તરૂણસેનાનાં સભ્યો તથા બાલસેનાનાં બાળકો દ્વારા આપવામાં આવતી હોય છે.


સમગ્ર વર્ષ દરમ્યાન બાળ અધિકાર, શિક્ષણના અધિકાર બાળકોને લગતા કાયદાઓ અને નીતિઓ, સહભાગિતાનો અધિકાર, શૈક્ષણિક મુદાઓ આધારિત પ્રોજેકટ વર્ક અને પ્રવૃતિઓ, જીવન કૌશલ્યો અને મૈત્રીની રમતો, બાળમેલા, નેતૃત્વ તાલીમ શિબિરો, સર્જનાત્મક પ્રવૃતિઓ, પર્યાવરણ, સંગઠન તથા કિશોરાવસ્થા અને જેન્ડર તથા સ્વરક્ષણ, બાળમૈત્રી પૂર્ણ વિસ્તાર-શાળા સંશોધન જેવા વૈવિધ્યપૂર્ણ મુદાઓ પર ગુજરાતની જુદા-જુદા વિસ્તારોની ૩૧ સંસ્થાઓ સાથે તાલીમો યોજવામાં આવી હતી.

આ ઉપરાંત યુનિસેફ-ગુજરાતની પાર્ટનર સંસ્થાઓ પ્રતિકાર, ભાષા, બરોડા સીટીઝન કાઉન્સીલ, મ. ગ. પટેલ સર્વોદય સંસ્થા સાથે સમગ્ર વર્ષ દરમ્યાન કાર્યકરો તથા બાળકો સાથે બાળ અધિકાર, શિક્ષણનો અધિકાર, બાળ સંગઠન, શૈક્ષણિક અને વિકાસલક્ષી પ્રવૃતિઓ જેવા મુદાઓ પર નિયમિત તાલીમો યોજવામાં આવી હતી.

### વર્કશોપ

અનુભવોના આદાન-પ્રદાન અને નવા મુદાઓને શીખવા-સમજવા તેમજ પ્રસાર માટે વિવિધ સ્તરે વર્કશોપના આયોજન થતા હોય છે. શૈશવ દ્વારા રાજય અને રાષ્ટ્રીય સ્તરે વર્કશોપમાં પ્રતિનિધિત્વ કરી અનુભવોના આધારે નીતિવિષયક મુદાઓ અંગે રજૂઆત તથા ચર્ચામાં સહભાગી થવામાં આવે છે. વર્ષ દરમ્યાન વર્કશોપમાં પ્રતિનિધિત્વ કરવામાં આવેલ તેમાંના કેટલાકનો અહિંયા ઉલ્લેખ કર્યો છે.

| ક્રમ | તારીખ | સ્થળ | વિષય | આયોજક |
|---|---|---|---|---|
| ૧ | ૧૧/૪/૧૪ | દિલ્હી | ચાઇલ્ડ પ્રોટેકશન સીસ્ટમ મોનીટરીંગ એન્ડ ઇવેલ્યુએશન | યુનિસેફ |
| ૨ | ૧૬/૪/૧૪ | મુંબઇ | બાળ જાતીય સતામણી | |
| ૩ | ૫/૬/૧૪ | અમદાવાદ | બાળસુરક્ષા નીતિ-આયોજન અને અમલીકરણ | યુનિસેફ, બાળ આયોગ અને ગર્વમેન્ટ ઓફ ગુજરાત |
| ૪ | ૨૩-૨૫/૭/૧૪ | દિલ્હી | બાળ લગ્ન-સમસ્યા અને પડકારો | યુનિસેફ અને બ્રેક-થ્રુ |
| ૫ | ૨૬-૨૭/૭/૧૪ | ઉદેપુર | ઇન્ડીયા ઇન્કલુસીવ ફોરમ ફોર એસ્ટાબ્લીશીંગ ધ પાર્ટનરશીપ ફોર સી.એસ.આર | આઇ.આઇ.એમ. ઉદેપુર |
| ૬ | ૨૧/૮/૧૪ | મુંબઇ | કિશોરીવસ્થા - સમસ્યા અને પડકારો તથા નૂતન કાર્યોની પહેલ | દસરા સંસ્થા |
| ૭ | ૧૮-૧૯-૨૦/૯/૧૪ | મુંબઇ | નેશનલ કોન્ફરન્સ ઓન કેલીડોસ્કોપ ઓફ પ્લે | ઇન્ટરનેશનલ પ્લે એસોસીએશન અને ટાટા ઇન્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સ |
| ૮ | ૧૪-૧૫ ઓકટોબર, ૨૦૧૪ | વડોદરા | નેશનલ સેમીનાર ઓન ડીસીપ્લીન વીથ ડિગ્નીટી એન્ડ ચાઇલ્ડ રાઇટસ | યુનિસેફ અને એમ.એસ. યુનિવર્સીટી |
| ૯ | ૮-૯ જાન્યુઆરી, ૨૦૧૫ | દિલ્હી | નેશનલ બજેટ | સેન્ટર ફોર બજેટ એન્ડ ગર્વનન્સ એકાઉન્ટીબીલીટી |
| ૧૦ | ૧૨ જાન્યુઆરી, ૨૦૧૫ | અમદાવાદ | ઇન્સ્પાઇરીંગ ઇમોનેશનલ એન્ડ સોશ્યલ એન્ટરપ્રીન્યોરશીપ ફોર પોપર્ટી ઇટીડોકેશન એન્ડ કલાઇમેન્ટ ચેન્જ | ઇન્ટરનેશન ડેવલોપમેન્ટ કોએલીએશન-અમેરીકા |
| ૧૧ | ૧૪-૧૫ જાન્યુઆરી, ૨૦૧૫ | દિલ્હી | એકશન-૨૦૧૫ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ એકશન પ્લાન | સેવ ધ ચીલ્ડ્રન |
| ૧૨ | ૧૫-૧૬ જાન્યુઆરી, ૨૦૧૫ | અમદાવાદ | ઇનોવેટીવ ઇન્ટરનેશન ફોર ચેન્જ પ્રોઝીટીવ ડેવીએશન એન્ડ લીબ્રેટીંગ સ્ટ્રુકવટર્સ | માઇકા ઇન્સ્ટીટયુટ |
| ૧૩ | | બેંગ્લોર | ઇન્ટરનેશનલ વર્કશોપ ઓન ચેન્જ ધ સ્ક્રીપ્ટ | ડ્રીમ એ ડ્રીમ |
| ૧૪ | ૧૬-૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૫ | મુંબઇ | ચાઇલ્ડ સેકસ એબ્યુઝ એન્ડ ઓનલાઇન એબ્યુઝ | બ્રીટીશ કાઉન્સીલ, નેશનલ ક્રાઇમ એજન્સી |
| ૧૫ | ૨૮ ફેબ્રુઆરી, ૧ માર્ચ, ૨૦૧૫ | ભોપાલ | જુવેનાઇલ જસ્ટીસ- અસરકારક અમલીકરણ રીજીયોનલ રાઉન્ડ ટેબલ કોન્ફરન્શ | સુપ્રીમકોર્ટ અને હાઇકોર્ટ કમિટિ ઓન જે.જે. એકટ, યુનિસેફ તથા મધ્યપ્રદેશ ગર્વમેન્ટ |





## નેટવર્ક

બાળ અધિકારોના વ્યાપક કાર્યો માટે રાજય તથા રાષ્ટ્રીય સ્તરે વિવિધ સંગઠનો કાર્યરત છે. શૈશવ પણ આ સંગઠનો સાથે સક્રિયપણે જોડાઈ પોતાના અનુભવો સાથે કાયદાઓ અને નીતિગત મુદ્દાઓ અંગે બાળકોના હીતોને ધ્યાનમાં લઈ આદાન-પ્રદાન કરે છે.

આ ઉપરાંત બાળ અધિકાર સમુહ-ગુજરાત જે ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યકિતઓનું બનેલું સ્વૈચ્છિક સંગઠન છે જેના કન્વીનર તરીકેની જવાબદારીઓ પણ શૈશવ સંભાળે છે અને તેના રાષ્ટ્રીય સંગઠનો સાથે પ્રતિનિધિત્વ કરે છે.

આમ રાષ્ટ્રીય સ્તરે ઈન્ડીયા એલાયન્સ ફોર ચાઈલ્ડ રાઈટસ, રાઈટ ટુ એજયુકેશન ફોરમ, બાળ હિંસા વિરુધ્ધ સાર્ક દેશો દ્વારા ગઠિત થયેલ સંગઠન નેશનલ એકશન કો-ઓડીનેશન-ગૃપ તથા અન્ય રાષ્ટ્રીય નેટવર્ક સાથે જોડાઈ બાળ અધિકારોની સ્થિતિ, શિક્ષણનો અધિકાર અને વાસ્તવિકતાઓ, બાળ મજૂર નાબૂદી કાયદા કે બાળ સુરક્ષા અંગેની રાષ્ટ્રીય મીટીંગ, વર્કશોપ તથા આયોજન વિગેરેના કાર્ય માટે સાતત્યપૂર્ણ રીતે જોડાઈ બાળ અધિકારોના અભિયાનના કાર્યમાં સક્રિય યોગદાન આપી રહયા છીએ.

## બાળપણની શોધયાત્રા

૨૦ નવેમ્બર ૧૯૮૯માં બાળકોના અધિકારનું ઘોષણાપત્ર રાષ્ટ્રસંઘમાં જાહેર થયું , જેને નવેમ્બર ૨૦૧૪માં ૨૫ વર્ષ પૂર્ણ થયા. આ ૨૫ વર્ષ માઈલસ્ટોન છે, આ ૨૫ વર્ષમાં બાળકોની સ્થિતિમાં કેવા પરિવર્તન આવ્યા ? બાળકોની સુરક્ષા અને વિકાસ માટે કેવા કાર્યક્રમો થયા ? કેવી નીતિઓ અને કાયદાઓ બન્યા ?દેશમાં આ અંગે આવેલા પરિવર્તન અને તેની સાથોસાથ વૈશ્વીક પ્રવાહોને જોડી આવનારા દિવસોમાં કેવા પરિવર્તન આવશ્યક છે ? કેવી અપેક્ષાઓ છે તે અંગે પણ વિશદ ચર્ચા થાય તે મહત્વનું હતું.

બાળ અધિકારના ૨૫ વર્ષ - ઉજવણી અને લેખાજોખાના કાર્યક્રમમાં બાળકો તથા નાગરિકોની સામેલગીરી થાય, જાગૃતિના એક મુકામથી બીજા મુકામ પર કેવી રીતે જવું તે અંગે ચર્ચાઓ થાય, સરકાર અને સમાજ સાથે સંવાદ ઉભો થાય અને બાળકોના અધિકારની પ્રાથમિકતાને અગ્રીમતા મળે તે સંદર્ભમાં બાળ અધિકારના ૨૫- વર્ષ માઈલસ્ટોનની ઉજવણી કરતા બાળ અધિકાર સમૂહ- ગુજરાત નેટવર્ક દ્વારા ગુજરાતના તમામ જિલ્લાઓમાં તથા જિલ્લાઓને સાંકળતી યાત્રા અને સમાપનમાં ગુજરાતના બાળકોની પ્રવર્તમાન સ્થિતિ અંગે અહેવાલ રજૂ તૈયાર થાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું.

આ માટે ગુજરાતના તમામ જિલ્લાઓએ આવરી લઇ ૩ રૂટ તૈયાર થયા હતા. આ ત્રણ રૂટ પર ૧૪ થી ૧૯ નવેમ્બર દરમ્યાન યાત્રા નીકળી હતી, જેમાંના એક રૂટ પરની યાત્રા વલસાડથી શરૂ થઇ સૂરત, ભરૂચ, વડોદરા, આણંદ જેવા દક્ષિણ ગુજરાતના મુખ્ય જિલ્લાઓ આવરી લઇ તારીખ ૧૯ નવેમ્બરના રોજ

અમદાવાદના કાર્યક્રમમાં જોડાઇ હતી. બીજા રૂટમાં જામનગરથી શરૂઆત કરી સૌરાષ્ટ્રના મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓ આવરી લઇ યાત્રા અમદાવાદ પહોંચી હતી. જ્યારે કચ્છના રાપરથી શરૂ કરેલી ત્રીજા રૂટની યાત્રા ઉત્તર ગુજરાતના પાલનપુર, મહેસાણા, હિંમતનગર, દાહોદ,ગોધરા જેવા જિલ્લાઓ આવરી લઇ અમદાવાદ પહોંચી હતી. આમ, દરેક યાત્રા ૧૯ નવેમ્બર સાંજ સુધીમાં અમદાવાદ પહોંચી હતી. તારીખ ૨૦ નવેમ્બરના રોજ અમદાવાદ ખાતે યાત્રાનું સમાપન થયું હતું.

સમગ્ર યાત્રા દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી કુલ ૪૭૬૯ બાળકો અને ૪૦૭ મોટાઓ આવરી લઇ સાથે રેલી પ્રદર્શન, ઉપરાંત બાળ અધિકારના બાળમેળા દ્વારા બાળકોને બાળ અધિકારની વાત કરી તેના આધારે તેમની સાથે બાળ મૈત્રીપૂર્ણ વિસ્તાર અને બાળ મૈત્રીપૂર્ણ શાળાઓના મુદ્દે ચર્ચા કરી તેમના સ્થાનિક પ્રશ્નો જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉપરાંત વિવિધ જિલ્લાની ૧૮૦ જેટલી સંસ્થાઓના પ્રતિનિધિઓને સ્થાનિક સ્તરે હાજરી આપી પોતાની સહભાગિતા દ્વારા યાત્રાને સફળ બનાવી હતી.

તારીખ ૨૦ નવેમ્બરના રોજ સમાપન કાર્યક્રમમાં ગુજરાતના ખ્યાતનામ વક્તાઓ અને નિષ્ણાંતોને દ્વારા બાળકોને અસર કરતા વિવિધ મુદ્દાઓ પર વક્તવ્ય અને ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પ્રો. શ્રી રોહિતભાઇ શુક્લ દ્વારા બાળકોનું શિક્ષણ, ડો. શ્રી આનંદીબેન પટેલ દ્વારા બાળકોની સલમતી, શ્રી મીનાક્ષીબેન શુક્લ દ્વારા બાળકોનું આરોગ્ય, શ્રી યશવંતભાઇ મહેતા દ્વારા બાળકીઓની સ્થીતી, ડો. શ્રી વિદ્યુતભાઇ જોશી દ્વારા વિચરતા, વિસ્થાપીત અને સ્થળાંતરીત બાળકોના પ્રશ્નો અને પ્રો. શ્રી હેમંતકુમાર શાહ દ્વારા બજેટમાં બાળકો જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પદ્મ શ્રી ડો. ગણેશ દેવી તથા નયામાર્ગના તંત્રી શ્રી. શ્રી ઇન્દુકુમાર જાની ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં યુનિસેફ ગુજરાતના ચીફ શ્રી જેરૂબેન માસ્તરે પણ કાર્યક્રમમાં બાળ અધિકારના ૨૫ વર્ષની યાત્રાની સિદ્ધીઓ તથા પડકારો વિષે વાત કરી હતી.





## વર્ષ ૨૦૧૪ ૧૫માં મળેલ દાનની યાદી

| ક્રમ | નામ | સરનામું | રકમ |
|---|---|---|---|
| ૧ | લીલાવતી આર. શાહ મેડિકલ રીલીફ ટ્રસ્ટ | મુંબઈ | ૫૦,૦૦૦ |
| ૨ | ધ્રુવભાઈ દિલીપભાઈ શાહ | વડોદરા | ૨૫,૦૦૦ |
| ૩ | હિરેનભાઈ કે. શાહ | વડોદરા | ૧૫,૦૦૦ |
| ૪ | ક્રિએટીવ એન્ટરપ્રાઈઝ | અંકલેશ્વર | ૧૫,૦૦૦ |
| ૫ | યશવંતભાઈ ત્રિવેદી | અમદાવાદ | ૧૫,૦૦૦ |
| ૬ | દક્ષાબેન વી. પટ્ટણી | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૭ | એકસેલ કૉર્પ કેર લિમિટેડ | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૮ | મહેન્દ્રભાઈ બી. મણિયાર | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૯ | શ્રીમતી રાધિકાબેન એચ. પટેલ ટ્રસ્ટ | વડોદરા | ૭,૫૦૦ |
| ૧૦ | ફાલ્ગુન શેઠ | ભાવનગર | ૬,૫૦૦ |
| ૧૧ | મહિલા સેવા | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૧૨ | ડો. એમ. જી.દેસાઈ | ભાવનગર | ૫,૦૦૦ |
| ૧૩ | પ્રણવભાઈ સવાઈ | બેંગલોર | ૫,૦૦૦ |
| ૧૪ | વિરેન્દ્રભાઈ બી. શાહ | વલસાડ | ૫,૦૦૦ |
| ૧૫ | સ્વપથ | અમદાવાદ | ૪,૪૦૦ |
| ૧૬ | ડો. ભરતભાઈ એમ. શાહ | અમદાવાદ | ૪,૦૦૦ |
| ૧૭ | શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન | મુંબઈ | ૩,૫૦૦ |
| ૧૮ | હસુખ બી. મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૩,૫૦૦ |
| ૧૯ | રંજનબેન પટ્ટણી | ભાવનગર | ૩,૦૦૦ |
| ૨૦ | વિહા યગ્નેશભાઈ પટેલ | ગોધરા | ૩,૦૦૦ |
| ૨૧ | સિલ્વર બેલ્સ પબલીક સ્કુલ | ભાવનગર | ૨,૧૬૦ |
| ૨૨ | સેવા રૂરલ | ઝઘડીયા | ૨,૦૦૦ |
| ૨૩ | શારદા મહિલા વિકાશ સોસાયટી | ઝઘડીયા | ૨,૦૦૦ |

| ક્રમ | નામ | સરનામું | રકમ |
|---|---|---|---|
| ૧ | ગ્લોબલ ગીવિંગ | USA | ૪૩૨,૯૭૭ |
| ૨ | ગ્લોબલ ગીવિંગ | UK | ૨૬,૦૧૫ |
| ૩ | શ્રી અલીસીયા મીલ્સ | UK | ૨૦,૦૦૦ |
| ૪ | જોન લુઈસ વેટલેસેન | નોર્વે | ૧૫,૫૯૫ |
| ૫ | લફબરો યુનાઈટેડ રીર્ફોમ ચર્ચ | UK | ૧૫,૦૦૦ |
| ૬ | કિશોરભાઈ અને પ્રતિમાબેન ઘીવાલા | USA | ૧૧,૦૦૦ |

## DILIP R. SHAH & CO.

A/2/21, Ajanta Comm. Centre, Chartered Accountants
Nr. Income tax, Ashram Road, Ahmedabad-380 014.

## AUDITOR'S REPORT

We have examined the Balance sheet as at 31st March, 2015 and income & Expenditure Account for the year ended as above of the above Trust. These financial statements are the responsibility of the Management of the Trust. Our responsibility is to express an opinion on these financial statements based on our audit.

We conducted our audit in accordance with the auditing standards generally accepted in India. Those standards required that we plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free of material misstatement. An audit includes examining, on a test basis, evidence supporting the amounts and disclosures in the financial statements. An audit also includes made by management, as well as evaluating the overall financial statement presentation. We believe that our audit provides a reasonable basis for our opinion. The Financial Statement give a true and fare view in accordance with accounting practices in India, of the state of affairs at 31st March 2015.

We further report as detailed below.

(a)Accounts are maintained regularly and in accordance with the provisions of the Trust Act and the Rules.

(b)Receipts and disbursements are properly and correctly shown in the accounts.

(c)The cash balance and vouchers in custody of the manager or trustee on the date of the audit were in agreement with the accounts.

(d)All books, deeds, accounts, vouchers of other documents or records required to us were provided by the trust.

(e)An inventory certified by the Trustee of the movables of the Public Trust has been maintained.

(f)Shri ASHISH RAVAL, accountant appeared before us and furnished the necessary information required by us

(g)No property of funds of the trust were applied for any object or purpose other than the object or purpose of the Trust.

(h)The amounts outstanding for more than one year Rs. Nil.The amount written off during the year Rs. Nil.

(i)Tenders were not invited as there were no repairs exceeding RS.5000.The Consturction/repairing work done departmentally hence not applicable.

(j)No money of the public trust has been invested contrary to the provisions of section 35 of trust act.

(k)There is no alienation of immovable property contrary to provision of section 36 of trust act.

Remarks :- Nil

PLACE: Ahmedabad
Date :- 27-07-2015

FOR DILIP R. SHAH & CO.

[DILIP R. SHAH. PROP.]

---

**Our Sincere Thanks To:**

To Fulfill our responsibilities towards deprived children by providing them reasonable opportunities to lead meaningful life your good wishes and active support constantly provide us with inspiration and encouragement. We have received support from many well-wishers. donors and institute for our activities till now. Some of our major supporters are; Share and Care Foundation, The Global Fund for Children, Paul Hamlyn Foundation, Unicef, SCFR, Shroff Family Foundation and Child Reach International.(Comic Relief)

## FINANCIAL STATMENT 2014-15

| FUNDS & LIABILITIES | AS ON 31.03.2015 | AS ON 31.03.2014 |
|---|---|---|
| Trust Funds or Corpus | 2,70,581.00 | 2,70,581.00 |
| **Other Earmarked Funds** | | |
| (a)Building Fund | 11,090,739.05 | 9219175.05 |
| (b)Non Recurring | 5,931,373.00 | 5247216.00 |
| (c)Un Utilized Fund | 5,331,401.22 | 8074975.18 |
| (d)Computer Fund | 98,680.00 | 98680.00 |
| Other Liabilities | 3,127,315.86 | 2206293.86 |
| Income & Expenditure Account | 11,527,259.79 | 9286541.42 |
| **TOTAL** | **37,377,349.92** | **34403462.51** |

| ASSETS | AS ON 31.03.2015 | AS ON 31.03.2014 |
|---|---|---|
| Immovable properties | 9,935,903.00 | 8044930.00 |
| Furniture & Fixture | 6,232,898.40 | 5548741.40 |
| Loan & Advances | 132,263.00 | 179344.00 |
| Income Outstanding | 837,090.00 | 943329.00 |
| Cash & Bank Balances | 20,239,195.52 | 19687118.11 |
| **TOTAL** | **37,377,349.92** | **34403462.51** |

| EXPENDITURE | AS ON 31.03.2015 | AS ON 31.03.2014 |
|---|---|---|
| Establishment Expenses | 1,573.00 | 81819.50 |
| Amounts Written Off | 35,735.00 | ------ |
| Contribution & Fees | 50,000.00 | ------ |
| Amount Tr. to Res./Spe. Funds | -- | 8839176.93 |
| Exp. on Object of the Trust | 12,273,149.16 | 7415343.00 |
| Surplus Carried Over to B/S | 2,240,718.37 | 2072051.06 |
| **TOTAL** | **14,601,175.53** | **18412390.49** |

| INCOME | AS ON 31.03.2015 | AS ON 31.03.2014 |
|---|---|---|
| Rent | -- | 109695.00 |
| Interest | 1,273,437.00 | 964881.76 |
| Donation | 819,298.62 | 978942.80 |
| Grant | 12,134,031.20 | 16254519.93 |
| Training & workshop fees | 99,084.00 | 83716.00 |
| Misc. Income | 87,471.75 | 20635.00 |
| Transfer From Reserved Fund | 187,852.96 | ------ |
| **TOTAL** | **14,601,175.53** | **18412390.49** |

**Place: Ahmedabad**
**Date: 27-07-2015**

**Falgun Sheth**
**Managing Trustee**
**Shaishav**

**For Dilip R. Shah & Co.**
**Chartered Accountants**
**(Dilip R. Shah, Proprietor)**





| વિગત | અમલ |
| --- | --- |
| **(A)** નોંધણી : | |
| • સંસ્થાનું નામ | • શૈશવ |
| • રજી. સરનામું | • આઈ.૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીયેટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ |
| • કાર્ય સ્થળનું સરનામું | • **બ્લોક નં.૩, બીજે માળે, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ, ભાવનગર. ફોન : ૦૨૭૮-૨૫૬૮૫૬૧** |
| • જાહેર સંસ્થા નોંધણી નં. | • F/3462/Ahmedabad |
| • સોસાયટી રજી. નં. | • Guj/3592/Ahmedabad |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૧૨ (એ) રજીસ્ટેશન | • HQ.III/32 (S-7)93-94/ AR-8 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૮૦ (જી) સર્ટી નં. | • DIT (E) / 80 G (5)/1057/2007-2008 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ પાન એકાઉન્ટ નં. | • AABTS0865 N |
| • વિદેશી સહાય નોંધણી નં. | • 041980028 |
| • મુખ્ય બેંકનું નામ સરનામું | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર<br>• આઈ.ડી.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગર.<br>• યુનીયન બેંક ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ |
| • પરદેશના દાન માટે | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર |
| **(B)** સંસ્થાના ધ્યેય/અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા | |
| • સંસ્થાના બંધારણ અને વિવિધ અહેવાલમાં રજૂઆત | • સ્પષ્ટ અને દઢ રજૂઆત |
| • કાર્યક્રમો અને પ્રવૃતિઓમાં રૂપાંતરણ | • સારી રીતે |
| • કાર્યકરો, સ્થાનિક લોકો તથા બાળકોમાં સ્પષ્ટતા અને સ્વીકૃતિ | • સભાન પ્રયત્નો |

| | |
|---|---|
| **(C)** વહીવટ અને સંચાલન<br>સંચાલક મંડળના સભ્યો/ ટ્રસ્ટીઓ | • ટ્રસ્ટી મંડળની યાદી અલગથી આપી છે<br>• ટ્રસ્ટી મંડળમાં ૫૦% થી વધુ મહિલા સભ્યો<br>• ટ્રસ્ટી મંડળમાં સંસ્થાના સીનીયર કાર્યકર કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં સ્થાનિક પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં બાલસેના/તરૂણસેનાના પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં બે ટ્રસ્ટી સગાં છે.<br>બોર્ડના કોઈપણ ટ્રસ્ટીને ટ્રસ્ટી તરીકે કોઈપણ પ્રકારનાં ભથ્થા ચૂકવવામાં આવતાં નથી<br>• વર્ષ ૨૦૧૪ ૧૫ દરમ્યાન ટ્રસ્ટીમંડળની ૩ મીટીંગ યોજાઈ હતી<br>• સંસ્થાના બે કાર્યકારી વડાઓને તેમના પૂર્ણ સમયના વ્યવસાયિક કાર્ય માટે માસિક રૂા. ૪૦,૦૦૦/- લેખે માનદવેતન ચૂકવવામાં આવે છે. |
| **(D)** દરેક પ્રવૃતિઓ માટેના લક્ષ્યાંકો,<br>સમીક્ષા અને સમયાંતરે મોનીટરીંગ | • દર વર્ષે સમગ્ર સ્ટાફ દ્વારા ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક આયોજન તથા રીવ્યુ<br>• કાર્યની વહેંચણી જવાબદારી તેમજ સુવ્યવસ્થિત રીતે અમલ, ગુણવત્તા પર વધુ ભાર, નિયમિત રીપોર્ટીંગ<br>• બહારના નિષ્ણાંતો દ્વારા કાર્યક્રમોની નિયમિત સમીક્ષા |
| **(E)** કાર્યકારી સલાહકાર જૂથ<br>સંસ્થામાં વિવિધ નીતિ-માર્ગદર્શન | • રચના થઈ છે / અનિયતકાલીન મીટીંગ થાય છે.<br>• સંસ્થાના વીઝન / મીશન સ્ટેટમેન્ટ નિયમિત ચકાસવામાં આવે છે.<br>• સંસ્થાના કાર્યકરો માટેની નીતિ નિયમોની માર્ગદર્શિકા છે.<br>• બાળ સુરક્ષા નીતિ છે. / જેન્ડર નીતિ છે. / સ્વયંસેવક નીતિ છે.<br>• એકાઉન્ટ, ખરીદી, સ્ટોર, ડેડ સ્ટોક વિ. અંગેની નીતિઓ અને અમલ<br>• મહિલા સુરક્ષા સમિતિ, શિસ્ત સમિતિ, બાળસુરક્ષા સમિતિની રચના થઈ છે અને તેના સભ્યો સમયાંતરે બદલાતા હોય છે. |

## (F) માનવ સંસાધન

- વેતન ધોરણો
- હાલના કાર્યકરો

- અર્થપૂર્ણ, તાર્કિક અને અમલમાં
  પગાર ધોરણ પ્રમાણે કાર્યકરોની વહેંચણી : (માર્ચ ૨૦૧૫ પ્રમાણે)

| પગાર ધોરણ | ફુલ ટાઈમ | પાર્ટ ટાઈમ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૫૦૦ થી ઓછો | - | - | - | - | - |
| ૨૫૦૦ થી ૫૦૦૦ | ૨ | ૪ | ૩ | ૩ | ૬ |
| ૫૦૦૦ થી ૧૦,૦૦૦ | ૩૪ | ૧ | ૧૬ | ૧૯ | ૩૫ |
| ૧૦,૦૦૦ કે તેથી વધુ | ૧૫ | - | ૧૧ | ૪ | ૧૫ |

- હાલના કાર્યકરોએ સંસ્થામાં ગાળેલ વર્ષ

| સંસ્થામાં વર્ષો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૩ થી ઓછા વર્ષ | ૧૭ | ૧૭ | ૩૪ |
| ૩ થી ૫ વર્ષ | ૫ | ૨ | ૭ |
| ૫ થી ૧૦ વર્ષ | ૨ | ૫ | ૭ |
| ૧૦ થી વધુ વર્ષ | ૫ | ૩ | ૮ |
| કુલ | ૨૯ | ૨૭ | ૫૬ |

- નિમણૂંક પત્રો — તમામને આપવામાં આવે છે.
- પી.એફ./ગ્રેજ્યુઈટી, રજાઓ જેવા લાભો — નિયમ મુજબ તમામ કાર્યકરોને આપવામાં આવે છે.
- પર્સનલ એકસીડન્ટ પોલીસી — તમામ કાર્યકરોની લેવામાં આવે છે.
- સ્ટાફ વેલ્ફેર પ્રવૃતિ — સ્ટાફ વેલ્ફેરની વિવિધ પ્રવૃતિઓ દ્વારા કાર્યકરો વચ્ચે સંઘભાવના, પરિવારભાવના અને વિકાસના પ્રયત્નો આધારે સમિતિની રચના થઈ છે.
- મીટીંગો
  - દર અઠવાડીયે કો ઓર્ડીનેશન મીટીંગ
  - દરેક વિભાગોની અઠવાડિક મીટીંગો
  - લગભગ દર મહિને તમામ સ્ટાફની મીટીંગ

| | |
|---|---|
| • ક્ષમતાવર્ધન વ્યવસાયિક વિકાસ | • ક્ષેત્રિય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાલીમ, કાર્યશિબિર અને કોન્ફરન્સમાં સહભાગી થવા દરેક સ્તરે પ્રોત્સાહન<br>• ક્ષમતાવર્ધન માટે વાર્ષિક આયોજન મુજબ કાર્યકરોની વિવિધ તાલીમો<br>• રસ રૂચિ અને અનુભવને આધારે કાર્યબદલાય અને નવા કાર્યમાં જવાબદારી / વિકાસની તકો આપવામાં આવે છે. |
| **(G) જવાબદેહીતા અને પારદર્શિતા** | |
| • પ્રકાશનો | |
| • વાર્ષિક અહેવાલ | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • વાર્ષિક હિસાબો | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • 'નિસ્બત' મુખપત્ર | • દર ત્રણ મહિને સંસ્થાનું મુખપત્ર પ્રકાશિત કરવાનો પ્રયત્ન થાય છે. |
| • વેબસાઈટ | • સંસ્થાની વેબસાઈટ નિયમિત રીતે મહદ્અંશે અધતન કરવામાં આવે છે તેમજ પ્રવૃતિના સમાચાર તેમાં આપવામાં આવે છે. |
| **નાણાંકીય પાસાઓ** | |
| • બોર્ડ મીટીંગ વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા | • વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા દરેક મીટીંગમાં ચર્ચવામાં આવે છે. |
| • હિસાબી પધ્ધતિ | • સ્ટાન્ડર્ડ નિયમો અનુસાર અમલમાં |
| • નાણાંકીય લેવડ દેવડ | • દરેક નાણાંકીય લેવડ દેવડ અંગે રસીદ/બિલ વિ. સાથે ચોકસાઈપૂર્વક અમલમાં |
| • હિસાબી મોનીટરીંગ | • દરેક મહિને મોનીટરીંગ કરવામાં આવે છે. |
| • ચાર્ટડ એકાન્ટન્ટ દ્વારા ઓડિટ | • દર ત્રણ મહિને ઓડીટ થાય છે તેમજ વાર્ષિક ઓડીટ અને હિસાબો પ્રકાશિત કરવામાં આવે છે.<br>• ઓડીટર : શ્રી દિલીપભાઈ આર. શાહ એન્ડ કું. એ/૨૧, અજન્ટા કોમ. સેન્ટર, બીજે માળ, આશ્રમ રોડ, અમદાવાદ. |

| | |
|---|---|
| • બાહ્ય નિષ્ણાંતો/ સંસ્થાઓ દ્વારા મૂલ્યાંકન | • અત્યાર સુધીમાં પાંચ વાર બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.<br>• ક્રેડીબીલીટી એલાયન્સ દ્વારા સંસ્થાની વિશ્વસનીયતા, પારદર્શિતા અને જવાબ્દેહીતા અંગેના ધારાધોરણનું મૂલ્યાંકન કરી સંસ્થાને પ્રમાણિત કરવામાં આવી છે.<br>• **એક્રેડીટેશન સર્ટી. નં. સીએ/૩૨/૨૦૦૮ ૦૯ તા. ૨૩ માર્ચ ૨૦૧૪ સુધી માન્ય (હાલ રીન્યુઅલ પ્રક્રિયામાં છે)**<br>• શૈશવ Give India/Guidestar અને Global Giving-UK/USA સાથે નોંધાયેલ છે અને સભ્યપદ ધરાવે છે. |
| • વિદેશીનાણાંકીય સહાય, આવકવેરા ચેરીટી કમિશનર શ્રી વિ. કાયદાઓની જરૂરિયાતો | • આ અંગેના કાયદાઓનું મહદ અંશે ચૂસ્ત પાલન કરવામાં આવે છે. હિસાબો નિયમિત રીતે સરકારમાં આપવામાં આવે છે. |
| • વિવિધ એવોર્ડનો સ્વીકાર | • સંસ્થાવતી સ્વીકાર |
| • હવાઈ મુસાફરી | • વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરવામાં આવી છે અને તેનો ખર્ચ જે તે આયોજક સંસ્થાએ ભોગવ્યો છે. |

## ટાઈટલ - ૩



જીવીએ ત્યાં સુધી શીખીએ

શ્રી રામકૃષ્ણ પરમહંસ

ટાઈટલ ૪